RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 105 Dt. 08-11-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### માવઠા પ્રભાવિત ખેડૂતો માટે રાહત પેકેજની જાહેરાત

# ખેડૂતોને ૧૦ હજાર કરોડનો 'ટેકો'

## માવઠાથી થયેલા વ્યાપક નુકસાનમાં ખેડૂતોને સધિયારો આપવાનો પ્રયાસ : બે હેક્ટરની મર્યાદામાં ૪૪ હજાર રૂપિયા સહાય



રાજકોટ, તા. ૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરના કમોસમી વરસાદ અને વાતાવરણના બદલાવને કારણે સર્જાયેલ અસાધારણ સ્થિતિમાં ખેતી પાકોને થયેલા નુકસાનમાંથી ખેડૂતોને ઝડપભેર બેઠા કરવા માટે અત્યાર સુધીનું સૌથી મોટું આશરે ૧૦ હજાર કરોડ રૂપિયાનું ઐતિહાસિક સહાય પેકેજ જાહેર કર્યું છે. રાજ્ય સરકારે ધરતીપુત્રો પર આવી પડતી કુદરતી આફતોની હરેક વિપદામાં તેમની પડખે સંપૂર્ણ સહાનુભૂતિ સાથે ઉભા રહીને ખેતી પાકોના નુકસાન સામે ઉદારતમ સહાય પેકેજ વખતો વખત આપેલા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોના હિતો માટે જે અનેકવિધ કલ્યાણકારી પગલાઓ લીધા છે તેને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કિસાન હિતકારી અભિગમથી સતત આગળ ધપાવી રહ્યા છે.

આ વર્ષે તાજેતરમાં થયેલા કમોસમી વ્યાપક વરસાદથી ખેડૂતોના ઉભા પાકને કાપણી સમયે જ મહત્તમ આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂતોને આ નુકસાનમાંથી બનતી ત્વરાએ બેઠા કરવાનો સંવેદનશીલ અભિગમ ઉદારતમ સહાયથી અપનાવ્યો છે.રાજ્યમાં અત્યાર સુધી અપાયેલા રાહત સહાય પેકેજના ઈતિહાસમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પિયત અને બિનપિયત પાકોને એકસમાન પાક નુકસાન વળતર આપવાનો મહત્વપૂર્ણ સંવેદનશીલ નિર્ણય કર્યો છે.

રાજ્યના ખેડૂતોને તાજેતરના કામોસમી વરસાદથી થયેલા પાક નુકસાન સામે આ નિર્ણયના અનુસંધાને ૨૨ હજાર રૂપિયા પ્રતિ હેક્ટર, હેક્ટર દીઠ બે હેક્ટરની મર્યાદામાં સહાય રાજ્ય સરકાર આપશે.ખેતી પાકોને જે વ્યાપક નુકસાનનો માર સહન કરવાનો વારો આવ્યો છે તેમાંથી ખેડૂતોને ઝડપભેર ઉગારવા આ રાહત સહાય પેકેજ અંતર્ગત આશરે કુલ રૂ. ૧૦ હજાર કરોડની સહાય રકમ રાજ્ય સરકાર ચૂકવશે.

મુખ્યમંત્રી આ કુદરતી આપદામાં સતત ખેડૂતોની ચિંતા કરીને તેમની પડખે ઊભા રહ્યા છે. એટલું જ નહિ, તેમણે કમોસમી વરસાદની તારાજીનો ભોગ બનેલા ૨૫૧ તાલુકાના ૧૬,૫૦૦થી વધુ ગામોના ખેડૂતોને થયેલા નુકસાનનો સર્વે ૩ દિવસમાં પૂર્ણ કરવા માટે ૫ હજારથી વધુ ટીમોને દિવસ રાત કાર્યરત કરવાના દિશાનિર્દેશો ઉચ્ચસ્તરીય બેઠકમાં આપેલા હતા. આ દિશાનિર્દેશોને પગલે કૃષિ વિભાગ અને સંબંધિત વિભાગો તથા જિલ્લા વહીવટી તંત્રોએ સતત ખડેપગે ૨૪૩૭ કામ કરીને પાક નુકસાનીનો સર્વે/પંચ રોજકામ હાથ ધર્યા હતા. મુખ્યમંત્રીએ રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓને વરસાદી અસરગ્રસ્ત વિસ્તારોની જાત માહિતી મેળવવા સંબંધિત જિલ્લાઓની મુલાકાત માટે પણ સૂચનાઓ આપી હતી.

મુખ્યમંત્રી પોતે પણ ગીર-સોમનાથ અને જુનાગઢ જિલ્લાના અસરગ્રસ્ત ગામોમાં પહોંચ્યા હતા અને ધરતીપુત્રોની વીતક પૂરી સંવેદનશીલતા સાથે સાંભળીને તેમને હૂંફ-સધિયારો આપ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સમગ્ર વિગતોની વિસ્તૃત સમીક્ષા અને ચર્ચા-વિચારણા રાજ્યના મંત્રીઓ સર્વ જીતુભાઈ વાઘાણી, ઋષિકેશભાઈ પટેલ, કુંવરજીભાઈ બાવળીયા, અર્જુનભાઈ મોઢવાડિયા તથા રમણભાઈ સોલંકી સાથે બેઠક યોજીને કરી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ વિડીયો કોન્ફરન્સથી આ બેઠકમાં જોડાયા હતા.

મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં રાજ્ય સરકારે વ્યાપક નુકસાનનો ભોગ બનેલા ધરતીપુત્રોની વ્હારે આવીને રાજ્યના ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું આશરે ૧૦ હજાર કરોડનું માતબર સહાય પેકેજ આપવાનો આ નિર્ણય કર્યો છે. આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્ય સચિવ એમ. કે. દાસ, કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્મા, નાણાં વિભાગના અગ્ર સચિવ ટી. નટરાજન, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ અવંતિકા સિંઘ, નાણા સચિવ આરતી કંવર, મુખ્યમંત્રીના સચિવ ડો. વિક્રાંત પાંડે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે જાહેર કરેલું આ ઉદારતમ સહાય પેકેજ અસરગ્રસ્ત ખેડૂતોને આર્થિક નુકસાનમાંથી ઝડપભેર બેઠા થઈને પૂર્વવત થવામાં મદદરૂપ નીવડશે.

### સુપ્રીમ કોર્ટે કહ્યું દેશની અદાલતોમાં ૬૬% સિવિલ કેસમાં મિલકત વિવાદો સૌથી વધુ : મિલકત વ્યવસ્થાપન પ્રણાલી અવ્યવસ્થિત

# મિલકત ખરીદ-વેચાણ લોકો માટે 'આઘાતજનક'



નવીદિલ્હી, તા. ૭

શુક્રવારે એક મહત્વપૂર્ણ ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ભારતમાં મિલકત ખરીદવી અને વેચવી સામાન્ય લોકો માટે ''આઘાતજનક'' અનુભવ બની ગયો છે. કોર્ટે જણાવ્યું હતું કે દેશની અદાલતોમાં પેન્ડિંગ રહેલા ૬૬% સિવિલ કેસોમાં મિલકત વિવાદો શામેલ છે, જે દર્શાવે છે કે જમીન અને મિલકત વ્યવસ્થાપન પ્રણાલી કેટલી હદે અવ્યવસ્થિત અને જટિલ બની ગઈ છે. ન્યાયાધીશ પી.એસ. નરસિંહા અને જોયમલ્યા બાગચીની બેન્ચે જણાવ્યું હતું કે ખોટા દસ્તાવેજો, જમીન કબજે કરવી, વિલંબિત ચકાસણી, વચેટિયાઓની ભૂમિકા અને સરકારી લાલ ફિતાશાહીએ રિયલ એસ્ટેટ ક્ષેત્રને સામાન્ય નાગરિકો માટે ''ખાણ ક્ષેત્ર'' બનાવી દીધું છે.

કોર્ટે જણાવ્યું હતું કે ૧૯મી સદીના વસાહતી યુગના કાયદાઓ, જેમ કે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ, ૧૮૮૨, રજિસ્ટ્રેશન એક્ટ, ૧૯૦૮ અને સ્ટેમ્પ એક્ટ, ૧૮૯૯, હવે વર્તમાન ટેકનોલોજીકલ યુગ સાથે સુસંગત નથી. કોર્ટે કાયદા પંચને આ કાયદાઓમાં વ્યાપક સુધારા માટે બોલાવતો અહેવાલ તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો. કોર્ટે કેન્દ્ર સરકારને દેશભરમાં મિલકત નોંધણીને પારદર્શક અને એકીકૃત બનાવવા માટે બ્લોકચેન ટેકનોલોજી અપનાવવા તરફ આગળ વધવા કહ્યું. જસ્ટિસ નરસિંહાએ કહ્યું કે ભારતમાં નોંધણી એ માલિકીનો પુરાવો નથી, પરંતુ તે ફક્ત 'રેકોર્ડ એન્ટ્રી' છે જેનો પુરાવો મર્યાદિત અવકાશ સુધી મર્યાદિત છે. આ જ કારણ છે કે નોંધણી અને માલિકી વચ્ચેનો આ તફાવત મોટા વિવાદોને જન્મ આપે છે. આજે પણ ખરીદદારોને ૩૦-૩૦ વર્ષ જૂની ફાઈલો શોધવી પડે છે અને નો એન્કમ્બ્રન્સ સર્ટિફિકેટ જેવા દસ્તાવેજો મેળવવા માટે મહિનાઓ સુધી ઓફિસોમાં દોડવું પડે છે. કોર્ટે કહ્યું કે આ પરિસ્થિતિ માત્ર નાગરિકોને જ પરેશાન કરતી નથી પરંતુ ન્યાયિક વ્યવસ્થા પર પણ મોટો બોજ નાખે છે.

# ભારત-અમેરિકા વચ્ચે માસાંતે ડીલ

## નીતિ આયોગના સીઈઓ સુબ્રમણ્યમે દ્વિપક્ષીય વેપાર કરાર અંગે વ્યક્ત કર્યો આશાવાદ



નવીદિલ્હી, તા. ૭

નીતિ આયોગના ઈઊઘ સુબ્રમણ્યમે વિશ્વાસ વ્યક્ત કર્યો કે નવેમ્બરના અંત સુધીમાં ભારત અને અમેરિકા વચ્ચેના પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરારમાં થોડી સકારાત્મક પ્રગતિ જોવા મળી શકે છે. તેમણે કહ્યું કે ભારત ''વિશ્વમાં સૌથી તેજસ્વી સ્થળ'' તરીકે ઉભરી રહ્યું છે.તેમણે કહ્યું, ''મને લાગે છે કે અમેરિકા સાથે વસ્તુઓ થોડી મુશ્કેલ રહી છે, અને મને લાગે છે કે એક નવીન પ્રયાસ ચાલી રહ્યો છે. વેપાર વાટાઘાટો ચાલી રહી છે. આશા છે કે, મહિનાના અંત સુધીમાં આપણે તે મોરચે કેટલાક સમાચાર સાંભળીશું.

નવી દિલ્હી સતત વિદેશી રોકાણકારોને આકર્ષિત કરી રહ્યું છે તે નોંધતા, સુબ્રમણ્યમે કહ્યુંઃ ''યુએસ કંપનીઓ ભારતમાં વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો ખોલી રહી છે. તમે કોઈને જતા જોતા નથી. આનો સીધો અર્થ એ છે કે ભારતનું મુખ્ય આકર્ષણ બીજા બધા કરતા વધુ હશે.''

તેમનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકા ભારત પર રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું બંધ કરવા માટે તીવ્ર દબાણ લાવી રહ્યું છે. ૨૨ ઓક્ટોબરના રોજ, અમેરિકાએ રશિયાના બે સૌથી મોટા ક્રૂડ ઓઈલ ઉત્પાદકો, રોઝનેફ્ટ અને લુકોઈલ પર પ્રતિબંધો લાદ્યા, જેમાં તમામ યુએસ સંસ્થાઓ અને વ્યક્તિઓને તેમની સાથે વેપાર કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. તેણે રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ ભારત પર ૨૫ ટકા દંડ પણ લાદ્યો, જે ભારતીય માલ પર યુએસ બજારોમાં પ્રવેશવા પર હાલની ૨૫ ટકા પારસ્પરિક ડ્યુટી ઉપરાંત છે. એકંદરે, ભારતીય નિકાસકારો યુએસમાં આશરે ૫૦ ટકાની ભારે વધારાની આયાત ડ્યુટીનો સામનો કરી રહ્યા છે.

ભૂતપૂર્વ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા અનેક વેપારી ભાગીદારો પર ટેરિફ લાદવામાં આવ્યા પછી ઉદ્ભવેલી વેપાર ચિંતાઓનો ઉલ્લેખ કરતા, સુબ્રમણ્યમે કહ્યું કે બીજા વિશ્વયુદ્ધ પછી અસ્તિત્વમાં રહેલી ઘણી વૈશ્વિક નિશ્ચિતતાઓ હવે સાચી નથી. ''તેથી વિશ્વ એક એવી અશાંતિમાંથી પસાર થઈ રહ્યું છે જ્યાં વેપાર સ્થિર છે, વિદેશી સીધું રોકાણ સ્થિર છે અથવા ઘટી રહ્યું છે,'' તેમણે કહ્યું. ''આ જોતાં, મને લાગે છે કે ભારત એક એવો ધ્રુવ બનશે જે દરેકને આકર્ષિત કરશે. વિકલ્પો પસંદ કરવા માટે મજબૂર થવાને બદલે, અન્ય લોકોને ભારત તરફ વળવાની ફરજ પાડવામાં આવશે. ભારતની આ ખુશ સ્થિતિમાં છે. ભારત માટે અમેરિકા અને બ્રિક્સ વચ્ચે પક્ષ લેવો જરૂરી નથી.

# આત્મીયતાની ભાવનાથી ભારત બનશે વિશ્વગુરુ

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે કહ્યું સમાજ ફક્ત કાયદાના આધારે નહીં, પરંતુ કરુણા, આત્મીયતા અને પરસ્પર સમજણ પર કરે છે

નવીદિલ્હી, તા. ૭

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (છજીજી) ના વડા મોહન ભાગવતે શુક્રવારે કહ્યું કે સમાજ ફક્ત કાયદાના આધારે નહીં, પરંતુ કરુણા, આત્મીયતા અને પરસ્પર સમજણ પર કાર્ય કરે છે. તેમણે કહ્યું કે દરેક વ્યક્તિએ પોતાની અંદર દીવો પ્રગટાવવો જોઈએ અને સમાજમાં સમાનતા, પ્રેમ અને એકતાની ભાવના ફેલાવવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે જ્યારે દરેક વ્યક્તિમાં આત્મીયતાની ભાવના જાગૃત થશે ત્યારે જ ભારત વિશ્વ નેતા તરીકે ઉભરી આવશે. ભાગવતે કહ્યું કે સમાજ કાયદા દ્વારા નહીં, પરંતુ કરુણા અને આત્મીયતા દ્વારા સંચાલિત થાય છે. તેમણે કહ્યું કે આપણે બધાએ આપણા હૃદયમાં આત્મીયતાની ભાવનાને સતત જીવંત રાખવી જોઈએ. આપણી અંદર સળગતો દીવો એટલો તેજસ્વી રીતે પ્રગટાવવો જોઈએ કે તે બીજાના હૃદયને પ્રકાશિત કરે. ભાગવતે વધુમાં કહ્યું કે ભારતનું આ આધ્યાત્મિક દ્રષ્ટિકોણ વિશ્વને શીખવવા યોગ્ય છે, કારણ કે વિશ્વમાં જ્ઞાન, વિજ્ઞાન અને સંપત્તિ છે, પરંતુ ભારતની પરંપરાનો મુખ્ય ભાગ એવા આત્મીયતાનો અભાવ છે.

તેમણે કહ્યું કે ભારતે પહેલા વિશ્વની સમકક્ષ ઊભું રહેવું જોઈએ, કારણ કે હવે આપણી પાસે પણ બધું જ છેઃ વિજ્ઞાન, શિક્ષણ, સુખ-સુવિધાઓ અને સુવિધાઓ. પરંતુ ભારતની સૌથી મોટી સંપત્તિ તેની ''સ્નેહ'' છે. તેમણે કહ્યું કે દુનિયાને આ



બધું શીખવવાની જરૂર છે; બાકી બધું પહેલેથી જ તેની પકડમાં છે. વિજ્ઞાન હવે તે સત્ય સુધી પહોંચી ગયું છે જે આપણા પૂર્વજો વર્ષો પહેલા સમજતા અને જીવતા હતા. ભાગવતે કહ્યું કે ભારતે વિશ્વને જોડવાની અને આ જ્ઞાનના આધારે એકતાનો માર્ગ બતાવવાની જવાબદારી ઉપાડવી જોઈએ. આરએસએસ વડાએ કહ્યું કે આપણી પરંપરા એ વિચાર પર આધારિત છે કે બધામાં એક જ અસ્તિત્વ છે, જેને બ્રહ્મ અથવા ભગવાન કહેવાય છે. તેમણે કહ્યું કે આજે વિજ્ઞાન પણ સ્વીકારે છે કે ચેતના સાર્વત્રિક છે, સ્થાનિક નથી, અને બધું તેમાંથી ઉદ્ભવે છે. વિજ્ઞાન હવે તે સત્ય સુધી પહોંચી ગયું છે જે આપણા પૂર્વજો વર્ષો પહેલા જાણતા હતા. ભાગવતે કહ્યું કે ભારતે આ સત્યને માત્ર સમજ્યું જ નથી પરંતુ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ તેનો અભ્યાસ કરીને તેને જીવંત રાખ્યું છે.

ભાગવતે કહ્યું કે જ્યારે ભારત આ પરંપરાના બળ પર આગળ વધશે, ત્યારે સમગ્ર વિશ્વ સુખ, શાંતિ અને સુંદરતા તરફ આગળ વધશે. તેમણે કહ્યું કે આજે આપણી પાસે જે સંસાધનો, જ્ઞાન અને સુવિધાઓ છે તેનો ઉપયોગ વિશ્વને જોડવા અને આપણને અર્થપૂર્ણ જીવન તરફ દોરી જવા માટે થવો જોઈએ. તેમણે એમ કહીને સમાપન કર્યું કે સામાજિક એકતા અને સેવા માટે કામ કરનારાઓને વિશ્વાસ હોવો જોઈએ કે તેમના પ્રયાસો માત્ર સફળ જ નહીં પણ અર્થપૂર્ણ પણ છે.




# વિધાનસભા પરિસરમાં વંદે માતરમનું સામૂહિક ગાન

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કરાઈ ઉજવણી : સ્વદેશી અપનાવવા લેવાયા સામૂહિક શપથ

રાજકોટ, તા..૭

વંદે માતરમ ગાનના ૧૫૦ વર્ષ પૂર્ણ થવા અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં વિધાનસભા પરિસરમાં વંદે માતરમ ગાનનું અને સ્વદેશી અપનાવવાના સંકલ્પનું સામૂહિક પઠન વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાની પ્રેરક ઉપસ્થિતિ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીએ આ અવસરે વંદે માતરમ ગાનનો મહિમામંડિત કરતા હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વંદે માતરમ ગાનને વિકાસનો રાજમાર્ગ, સંકલ્પિત રાષ્ટ્ર જીવનનો મહામાર્ગ અને આપણી આઝાદીનો ધબકાર ગણાવ્યો છે. ૧૮૭૫માં લખાયેલા આપણા વંદે માતરમ ગાનના ૧૫૦ વર્ષ ૭મી નવેમ્બરે પૂર્ણ થયા છે તેની રાષ્ટ્રવ્યાપી ઉજવણી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં થઈ રહી છે. ૧૪૦ કરોડ ભારતવાસીઓમાં આ ઉજવણીથી રાષ્ટ્ર પ્રથમનો ભાવ ઉજાગર થયો છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વંદે માતરમ ગીતના શબ્દો 'ત્વમ હી પ્રાણા શરીરે' એટલે કે પ્રત્યેક શ્વાસે માં ભારતી માટે સમર્પિત રહિને એક આદર્શ જીવન જીવવાનું ઉદાહરણ સમગ્ર દેશવાસીઓને આપી રહ્યાં છે. વડાપ્રધાનએ વંદે માતરમને ભારતની આન, બાન અને શાન ગણાવી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વંદે માતરમ ગીતમાં માં ભારતીની જે કલ્પના કરવામાં આવી છે, તે સુજલામ-સુફલામ સાથેની દરેક વાતને સાકાર કરવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તમામ પગલાં લીધાં છે. તેમણે ગુજરાતમાં શરૂ કરાવેલી પંચામૃત શક્તિ, કન્યા કેળવણી, ગરીબ-વંચિતોનું કલ્યાણના પગલા કે સૌના વિકાસ અને સુખ-સમૃદ્ધિની ભાવના પણ વંદે માતરમમાં જ રહેલી છે.

તેમણે કહ્યું કે, આ ગીત બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજી દ્વારા આનંદમઠ નવલકથામાં પહેલીવાર પ્રકાશિત થયું હતું અને પહેલીવાર જ્યારે રવિન્દ્રનાથ ટાગોરે આ ગીત ગાયું ત્યારે જ દેશના નાગરિકોને એક અદભુત રોમાંચક અનુભવ થયો હતો. વંદે માતરમ માત્ર એક ગીત નથી, એ તો ભારતનાં આત્માનો નાદ અને દરેક ભારતીયના હૃદયમાં અનંત ઉર્જા, શ્રદ્ધા અને સંકલ્પ જગાવતા રાષ્ટ્રપ્રેમની પવિત્ર ધ્વનિ છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, વંદે માતરમ એવો ક્રાંતિમંત્ર છે કે જેને બોલતા જ સૌ ભારતીયોના હૃદયનાં તાર રણઝણી ઉઠે છે અને માતૃભૂમિ પ્રત્યે વંદનનો ભાવ સમર્પણમાં પરિવર્તિત થાય છે. વંદે માતરમ એ રાષ્ટ્રીય ગીત તો છે જ પરંતુ પ્રેરણા ગીત પણ છે જેણે સ્વતંત્રતાના સંગ્રામથી લઈ આજ દિવસ સુધી સૌના હૃદયમાં એક આગવું સ્થાન બનાવ્યું છે.

તેમણે વંદે માતરમ ગાનની રચના અંગેનો કિસ્સો વર્ણવતા કહ્યું કે, વંદે માતરમના રચયિતા બંકિમચંદ્રની નાનકડી દીકરીએ તેમને પૂછ્યું કે તમે જે માતૃભૂમિની સ્તૂતિ કરો છો તે કેવી છે તેની વિશે કહો. ત્યારે તેના જવાબમાં તેમણે વંદે માતરમ ગાનની રચના કરીને કહ્યું કે, આ હરિયાળી, ફળદ્રુપ, સૌને પોષણ આપનારી, નીલવર્ણી ખેતરો ધરાવતી, સુખદાયિની ભારતભૂમિ નદીઓ સરોવરોથી વ્યાપ્ત છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે ૧૯૫૦માં વંદે માતરમને રાષ્ટ્રગીતનો દરજ્જો આપ્યો. આજે પણ જ્યારે વંદેમાતરમ ગવાય કે તેને સાંભળીએ ત્યારે માતૃભક્તિ અને માં ભારતીની આરાધનાનો ભાવ ઊભો થાય છે. વડાપ્રધાનના પ્રયાસોથી ફરી એકવાર આ વંદે માતરમ ગીતના શબ્દોને જીવવાની પ્રેરણા મળી છે ત્યારે આ અવસરે સૌ નાગરિકજનો સ્વદેશીને બળ આપતા આત્મનિર્ભર ભારત બનાવવાની દિશામાં આગળ વધે તેવો મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીએ સ્વદેશીને વંદે માતરમ ગીત સાથે સીધો સંબંધ હોવાનો વિશેષ ઉલ્લેખ કરતા કહ્યું કે, ૧૯૦૬માં ગુજરાતમાં અમદાવાદ ખાતે સ્વદેશી ચીજવસ્તુઓનું પ્રદર્શન યોજાયું ત્યારે ગુજરાતની ધરતી પર સૌપ્રથમ વાર વંદે માતરમ ગાવામાં આવ્યું હતું. સ્વદેશી વસ્તુઓથી માતૃભૂમિનાં વિકાસ સાથેનું સંધાન ગુજરાતની આ પાવન ભૂમિ પર એ સમયે રચાયું હતું.

વંદે માતરમ ગાન પછી સ્વદેશી અપનાવવાના સામુહિક શપથ લેવામાં આવ્યા હતા. આ શપથમાં સ્વદેશીને રોજિંદા જીવનનો ભાગ બનાવવા અને સ્વદેશી ચીજો રોજબરોજના જીવનમાં અપનાવવા માટે આહવાન કરવામાં આવેલું છે. વંદે માતરમ ગાનના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના આ ગૌરવમય અવસરની ઉજવણી રાજ્યમાં જિલ્લા મથકો, નગરો ગામોમાં પણ મંત્રીશ્રીઓ અને પદાધિકારીઓની ઉપસ્થિતિમાં જનભાગીદારીથી કરવામાં આવી હતી.

વંદે માતરમના સામુહિક ગાન અને સ્વદેશીની શપથગ્રહણ અવસરે, ગાંધીનગરના ધારસભ્ય રીટાબેન પટેલ, મુખ્ય સચિવ એમ. કે. દાસ, મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડો. હસમુખ અઢિયા, અધિક મુખ્ય સચિવ એસ. જે. હૈદર, અંજુ શર્મા, પ્રિન્સિપાલ સેક્રેટરી અશ્વિની કુમાર તેમજ રાજ્યના વરિષ્ઠ સચિવો તથા સચિવાલયના અધિકારી-કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

### ગેરરીતિ સામે શૂન્ય સહનશીલતા

# PMJAYમાં ગેરરીતિ થશે તો હોસ્પિટલ સામે કડક કાર્યવાહી

### આરોગ્ય સચિવ અને વિભાગને તાત્કાલિક નિર્દેશ આપતા ૪ હોસ્પિટલ સામે લેવાયા પગલા




રાજકોટ, તા. ૭

પી.એમ.જે.એ.વાય.-મા યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી હોસ્પિટલો સામે રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની કડક કાર્યવાહી કરી. મોડી રાત સુધી આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા સ્વયં સંકળાયા, આરોગ્ય સચિવ અને વિભાગને તાત્કાલિક નિર્દેશ આપતા ૪ હોસ્પિટલ સામે પગલા લેવામાં આવ્યા. રાજ્ય સરકારની લોકહિતકારી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના મા અંતર્ગત ગરીબ અને મધ્યમવર્ગીય નાગરિકોને ગુણવત્તાસભર નિઃશુલ્ક સારવાર મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે આરોગ્ય વિભાગ સતત સજાગ છે.

ભવિષ્યમાં પણ જો કોઈ હોસ્પિટલ માનવ સેવા જેવી પવિત્ર જવાબદારીને અવગણીને ગેરરીતિ કે માનવતા વિરોધી વર્તન કરશે, તો રાજ્ય સરકાર દ્વારા વધુ કડક પગલાં લેવામાં આવશે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ અને આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના સુચન મુજબ, સરકારી યોજનામાં ગેરરીતિ આચરતી હોસ્પિટલો સામે રાજ્ય સ્તરે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આકસ્મિક નિરીક્ષણ દરમ્યાન યોજનાની માર્ગદર્શિકાનું પાલન ન થતું હોવાનું જણાતાં ૪ ખાનગી હોસ્પિટલમાંથી ૨ હોસ્પિટલને સસ્પેન્ડ કરવામાં આવી છે, જ્યારે અન્ય ૨ હોસ્પિટલને કારણદર્શક નોટિસ પાઠવામાં આવી છે.

આ બાબતે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ મોડી રાત્રે નિવેદન આપતા જણાવ્યું કે ''રાજ્ય સરકાર આરોગ્ય સેવાઓને વધુ સુચારૂ, પારદર્શક અને લોકહિતકારી બનાવવા સતત પ્રયત્ન શીલ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય ક્ષેત્રે માનવતાને પ્રથમ સ્થાન આપવાનો સંકલ્પ છે. પી.એમ.જે.એ. વાય.-મા યોજના એ ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકો માટે આશીર્વાદ સમાન છે, તેથી કોઈપણ પ્રકારની ગેરરીતિ કે માનવતા વિરોધી બેદરકારી સહન કરવામાં નહીં આવે. વધુમાં આરોગ્ય મંત્રીએ જણાવ્યું કે ભવિષ્યમાં પણ સરકારી યોજનામાં માનવ સેવા વિરુદ્ધ વર્તન કરનાર હોસ્પિટલ સામે રાજ્ય સરકાર કડકથી કડક પગલાં લેતી રહેશે.

### હોસ્પિટલવાઈઝ કાર્યવાહીનો વિગતવાર અહેવાલ

૧. દીપ ચિલ્ડ્રન હોસ્પિટલ અને નીઓનેટલ કેર, ગોધરા, પંચમહાલ (HOSP24T૧૩૦૫૧૮)
સ્થિતિઃ સસ્પેન્ડ
PICU અને NICU માટે જરૂરી માપદંડોની પૂર્તતા નહોતી
એક્સપાયર્ડ દવાઓ મળી
MBBS ડોક્ટર હાજર નહોતા
લાભાર્થીઓને યોજનાકીય માહિતી આપતું કિઓસ્ક સ્થાપિત નહોતું
ઈન્ફેક્શન કંટ્રોલ માર્ગદર્શિકાનું પાલન નહોતું

૨) કાશીમા હોસ્પિટલ, ભરુચ (HOSP24T૧૭૦૯૮૧)
સ્થિતિઃ સસ્પેન્ડ
PICU અને NICU માટેની માપદંડ પૂરા નહોતા
ઈન્ફેક્શન કંટ્રોલ માર્ગદર્શિકાનું પાલન નહોતું
લાભાર્થીઓને યોજનાકીય માહિતી આપતું કિઓસ્ક સ્થાપિત નહોતું
નર્સિંગ સ્ટાફ ક્વોલીફાઈડ નહોતાં
બપોરના ૧૨ વાગ્યા સુધી તબીબી અધિકારી હાજર નહોતા
BU પરમીશન અને ફાયર NOC ઉપલબ્ધ નહોતાં

૩. મા ચિલ્ડ્રન અને જનરલ હોસ્પિટલ, કાલોલ, પંચમહાલ (HOSP24T૧૩૨૮૨૯)
સ્થિતિઃ કારણદર્શક નોટિસ આપવામાં આવેલ
લાભાર્થીઓને યોજનાકીય માહિતી આપતું કિઓસ્ક સ્થાપિત નહોતું

૪. મા ચિલ્ડ્રન અને નીઓનેટલ કેર, દેવગઢ બારિયા, દાહોદ (HOSP24T૧૪૮૫૭૧)
સ્થિતિઃ કારણદર્શક નોટિસ આપવામાં આવેલ
NICUમાં એક્સપાયર્ડ દવાઓ મળી
હોસ્પિટલ દ્વારા CCTV ફૂટેજ આપવા ઈનકાર કર્યો
લાભાર્થીઓને યોજનાકીય માહિતી આપતું કિઓસ્ક સ્થાપિત નહોતું

### ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી - જન જાતિય ગૌરવ વર્ષની ઉજવણી

# અંબાજીથી એકતા નગર સુધી યોજનારી જનજાતિય ગૌરવ યાત્રાનું પ્રસ્થાન કરાવતા CM

### ૧,૩૭૮ કિ.મી.ની જનજાતિય ગૌરવ યાત્રાનું વિશેષ આયોજન : યાત્રાના માધ્યમથી આરોગ્ય તપાસ કેમ્પ, સેવાસેતુ, સામૂહિક સ્વચ્છતા સફાઈ સહિતના અનેક સેવાલક્ષી કાર્યક્રમો

રાજકોટ, તા. ૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભગવાન બિરસા મુંડાની દોઢસોમી જન્મ જયંતી ઉજવણી નિમિત્તે યોજાઇ રહેલી જનજાતિય ગૌરવ યાત્રાનો પ્રારંભ કરાવતા સ્પષ્ટ પણે જણાવ્યું કે, જેને કોઈ ન પૂછે તેને વડાપ્રધાન નરેન્દ્રભાઈ પૂજે છે. તેમણે કહ્યું કે, આઝાદીની લડતમાં ભગવાન બિરસા મુંડાના નેતૃત્વમાં અગ્રેસર રહેલા આદિવાસીઓને વડાપ્રધાનએ અમૃતકાળના ભારતની આ વિકાસયાત્રામાં ભાગીદાર બનાવ્યા છે. એટલું જ નહીં, સ્વાતંત્ર્ય વીર ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતીને જનજાતિય ગૌરવ દિવસ તરીકે ઉજવવાની નવી પરંપરા પણ તેમણે ૨૦૧૧થી ઊભી કરી છે.



આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આ વર્ષે થઈ રહી છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં બિરસા મુંડાની આગેવાનીમાં આદિજાતિઓના ઐતિહાસિક યોગદાનને આજની પેઢી જાણે અને તેમાંથી રાષ્ટ્રનિર્માણની પ્રેરણા મેળવે તેવા ઉદ્દેશ્ય સાથે વડાપ્રધાનના નેતૃત્વમાં આ વર્ષ જનજાતીય ગૌરવ વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું છે.

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે તા.૧ થી ૧૫મી નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન 'જનજાતીય ગૌરવ વર્ષ મહોત્સવ'ની ઉજવણી અન્વયે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા તા.૭ થી ૧૩ નવેમ્બર સુધી રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં જનજાતિય ગૌરવ રથ યાત્રા કરશે જેમાં રૂટ નં-૧ ઉમરગામથી એકતાનગર સુધી ૬૬૫ કિમી અને અંબાજીથી એકતાનગર સુધી ૭૧૩ કિમી એમ કુલ ૧,૩૭૮ કિ. મી.માં આદિજાતિ વિસ્તારને આવરી લેતી 'જનજાતિય ગૌરવ રથ યાત્રા'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

યાત્રા દરમિયાન જનજાતીય ગૌરવ રથ જે ગામોમાં જશે ત્યાં લોકો દ્વારા સ્વાગત કરાશે તેમજ રાત્રિરોકાણના સ્થળોએ ભગવાન બિરસા મુંડાના જીવન-કવનના નાટક, નિદર્શન અને કેન્દ્ર-રાજ્ય સરકારની યોજનાકીય માહિતી પણ લોકોને અપાશે. યાત્રાના માધ્યમથી આરોગ્ય તપાસ કેમ્પ, સેવાસેતુ, સામૂહિક સ્વચ્છતા સફાઈ સહિતના અનેક સેવાલક્ષી કાર્યક્રમો જનભાગીદારીથી યાત્રાના રૂટ પરના ગામોમાં યોજાશે. બાળકો, યુવાઓ અને સમગ્ર સમાજ ભગવાન બિરસા મુંડાના જીવન-કવનથી પરિચિત થાય તેવા કાર્યક્રમો પણ આ યાત્રા દરમિયાન થવાના છે.

આ ઉપરાંત, ભગવાન બિરસા મુંડાનાં રાષ્ટ્રનિર્માણ માટેના યોગદાન અંગે ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધા, નાટક-ભવાઈ તથા તેમના જીવન પરના વ્યાખ્યાનો, ફિલ્મ નિદર્શન પણ રાજ્ય સરકારના વિભાગો દ્વારા યોજાવાના છે. ૧૪ આદિજાતિ સિવાયના ૨૦ જિલ્લાઓમાં પણ ૧૩ થી ૧૫ નવેમ્બર દરમિયાન જનજાતિય ગૌરવ વર્ષની ઉજવણીના વિવિધ કાર્યક્રમ થવાના છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અંબાજીધામથી આ ગૌરવ યાત્રાને પ્રસ્થાન કરાવતાં એમ પણ કહ્યુ કે, વડાપ્રધાનએ તેમના કાર્યકાળમાં આદિવાસીઓના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપતા અનેકો કલ્યાણ કાર્યક્રમો સાકાર કર્યા છે. તેમણે ગુજરાતમાં આદિજાતિઓના સામાજિક-આર્થિક ઉત્કર્ષ માટે શરૂ કરાવેલી વનબંધુ કલ્યાણ યોજના રાજ્ય સરકારે ૧ લાખ કરોડના પ્રાવધાન સાથે ૨૦૨૫ સુધી લંબાવી છે તેમ પણ મુખ્યમંત્રી શ્રી ઉમેર્યું હતું.

આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાજી આદિવાસી સમાજના પ્રેરણાસ્ત્રોત અને આદર્શ વ્યક્તિત્વ રહ્યા છે. તેમણે પોતાના જીવન દ્વારા ધર્મ, સંસ્કૃતિ અને આદિવાસી ઓળખને જાળવી રાખવા અવિરત પ્રયત્નો કર્યા હતા. સમાજમાં રહેલા કુરિવાજો અને અંધશ્રદ્ધાને દૂર કરવા માટે તેમણે જનજાગૃતિ ફેલાવી હતી.

અધ્યક્ષએ જણાવ્યું કે, ભગવાન બિરસા મુંડાએ શિક્ષણના પ્રસાર માટે વિશેષ મહત્વ આપ્યું હતું અને વ્યસનમુક્તિ માટે અભિયાન ચલાવીને સમાજ સુધારાનું કાર્ય કર્યું હતું. તેમણે આશ્રમની સ્થાપના કરીને સમાજને એક નવી દિશા આપી હતી, જે આજની યુવા પેઢી માટે પ્રેરણા આપે છે. ભગવાન બિરસા મુંડાએ અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ અગ્રેજ સરકારની દમન નીતિઓ સામે અવાજ ઉઠાવ્યો હતો. તેમના સંઘર્ષમય જીવનમાંથી આપણે રાષ્ટ્રીય એકતા, આત્મસન્માન અને ન્યાય માટે લડવાની પ્રેરણા મેળવી શકીએ છીએ. ભગવાન બિરસા મુંડાનું યોગદાન ભારતના ઈતિહાસમાં અમર રહેશે.

આદિજાતિ વિકાસ, અન્ન - નાગરિક પુરવઠા રાજ્યમંત્રી શ્રી પૂનમચંદ બરંડાએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાજીનું જીવન સંઘર્ષ, સેવા અને સમર્પણનું રહ્યું છે. તેમણે આદિવાસી સમાજને આત્મવિશ્વાસ અને એકતાનું બળ આપ્યું હતું. આજે રાજ્ય સરકાર આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે આદિજાતિ વિસ્તારમાં શિક્ષણ, આરોગ્ય અને રોજગારની તકો વધારવા સતત પ્રયાસરત છે.

કોંગી નેતાઓના ખેડૂત પ્રશ્ને ભાજપ સરકાર પર આકરા પ્રહાર

# ખેડૂતોનુ દેવુ માફ..નહિ તો ભાજપ સાફ : કોંગ્રેસ

## હજારો ટ્રેક્ટરોની રેલી મળી જોવા : પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની આગેવાનીમાં શરૂ થયેલી આ યાત્રા સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લામાં ખેતરે-ખેતરે જઈ ખેડૂતોની વેદના સાંભળશે









રાજકોટ, તા. ,૭

'ગુજરાતમાં કમોસમી વરસાદને કારણે પાક નિષ્ફળ જવાથી કંટાળેલા જગતના તાતની પીડાને વાચા આપવા માટે કોંગ્રેસે ગીર સોમનાથના વેરાવળ-સોમનાથથી ખેડૂત આક્રોશ યાત્રાનો પ્રારંભ કર્યો છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની આગેવાનીમાં શરૂ થયેલી આ યાત્રા સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લામાં ખેતરે-ખેતરે જઈ ખેડૂતોની વેદના સાંભળશે અને ૧૩મીએ દ્વારકામાં એનું સમાપન થશે.ગઈકાલે સોમનાથથી નીકળેલી આ રેલી વેરાવળથી તાલાલા, માળિયા અને રાત્રિના કેશોદ ખાતે જંગી સભાનુ આયોજન કરવામા આવ્યું હતુ. ખેડૂતો દ્વારા ઠેર ઠેર આ યાત્રાનુ સ્વાગત કરીને પોતાના પર પડેલી કમોસમી વરસાદને કારણે આપવીતી વર્ણવી હતીને સરકાર પાસે દેવા માફી માટે માંગણીને સમર્થન કર્યું હતુ.પ્રદેશ પ્રમુખ દ્વારા તાલાલાના સેમરવાવ દેવળી ગામ ખાતે ખેતરમા રૂબરૂ જઈને કમોસમી વરસાદને લીધે થયેલા નુકશાન અંગે ખેડૂતો પાસે વિગરવાર માહિતી મેળવીને આશ્વાસન આપ્યુ હતું કે સરકાર ખેડૂતોના દેવુ માફી મળે તે માટે કોંગ્રેસ લડત શરૂ રાખશે તેવી ખાતરી આપી હતી.

યાત્રાના પ્રારંભમાં વેરાવળમાં સભા સંબોધન બાદ પ્રમુખ અમિત ચાવડા સહિત કોંગ્રેસના નેતાઓએ સોમનાથ મહાદેવ મંદિરે શીશ ઝુકાવ્યા હતા અને મંદિર પરિસરમાં ''જય જવાન, જય કિસાન'' તથા ''હર હર મહાદેવ''ના નારા લગાવ્યા હતા.

વેરાવળ ખાતે યોજાયેલી જાહેરસભામાં કોંગ્રેસના નેતાઓએ આક્રમક સંબોધન કર્યું હતું. અમિત ચાવડાએ સ્પષ્ટ કર્યું કે, આ જનાક્રોશ યાત્રા કોઈ ચૂંટણી કે મત લેવા માટે નહીં, પરંતુ જગતનો તાત જ્યારે મુશ્કેલીમાં હોય ત્યારે તેના આક્રોશને વાચા આપવા અને તેના હક-અધિકારની લડાઈ લડવા માટે શરૂ કરાઈ છે. તેમણે ઉદ્યોગપતિઓના માફ થતા દેવા સામે ખેડૂતોનું દેવું માફ ન કરવા બદલ સરકારને ઘેરી હતી અને સંકલ્પ કર્યો કે જ્યાં સુધી ખેડૂતોનું સંપૂર્ણ દેવું માફ નહીં થાય ત્યાં સુધી કોંગ્રેસ શાંતિથી ઝંપશે નહીં. જગતનો તાત જ્યારે મુશ્કેલીમાં હોય ત્યારે એની તકલીફ, પીડા અને આક્રોશને વાચા આપવા માટે, એની વાત સરકાર સુધી પહોંચાડવા માટે અને એનો અવાજ બનવા માટે કોંગ્રેસે આ જનાક્રોશ યાત્રાની શરૂઆત કરી છે.પ્રદેશ કોંગ્રેસ પ્રમુખસભામાં મુખ્ય નારો ગુંજ્યો હતો કે ''કુદરત રૂઠી... સરકાર જૂઠી...'' અને ''ખેડૂતોનું સંપૂર્ણ દેવું માફ... નહીં તો ભાજપ સાફ...

આ સભામાં સેવા દળ પ્રમુખ લાલજી દેસાઈએ આક્રમક ઉદ્બોધન કરતા કહ્યું કે, ''અમારી પહેલી માંગણી એ જ છે કે ખેડૂતનું દેવું સંપૂર્ણ માફ નહીં તો ભાજપા સાફ.આ કમળ કાદવમાં ખીલે... કાદવમાં ખીલે પણ હવે કાદવ નકરો ગંધાય છે. કાદવ-કાદવ આપણા ભાગમાં આવે છે અને કમળની ઉપર જે લક્ષ્મી વડે એ ભાજપના નેતાઓ લઇ જાય છે. તેમણે કોંગ્રેસ શાસિત રાજ્યોમાં દેવા માફીનો દાખલો આપીને કહ્યુ કે ''બોલેલું પાળે એને નેતા કહેવાય.

પૂર્વ ધારાસભ્ય લલિત કગથરાએ ખેડૂતોને જ્ઞાતિ-જાતિના રાજકારણથી ઉપર ઉઠીને 'ખેડૂત તરીકે' રહેવા હાકલ કરી અને ભાજપના ૧૬૫ ધારાસભ્યને મોદી-શાહના 'પ્યાદા' ગણાવ્યા. ચૂંટણી સમયે તમે જ્ઞાતિ જાતિમાં વહેંચાઈ જાવ છો એટલે આ સ્થિતિ નિર્માણ થાય છે. તમે ભાજપના જે ધારાસભ્યોને ચૂંટીને મોકલ્યા છે તે મોદી અને શાહના 'પ્યાદા' અને 'કહ્યાગરા પટાવાળા' જેવા છે.જ્યારે જિલ્લા પ્રમુખ પૂંજા વંશે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભૂતકાળના ભાષણો સંભળાવી વર્તમાન પરિસ્થિતિ સાથેના વિરોધાભાસને ઉજાગર કર્યો હતો. આ યાત્રા દ્વારા કોંગ્રેસે ખેડૂતોના સંપૂર્ણ દેવા માફી, પાક યોજના અને ખોટી જમીન માપણી રદ કરવા જેવી મુખ્ય માંગણીઓ કરી છે.

ખેડૂતોના પ્રશ્નોની સાથે વેરાવળની જાહેરસભામાં બાદ સોમનાથમાં માછીમાર સમુદાયની બહેનોએ પાકિસ્તાનની જેલમાં કેદ માછીમારોને મુક્ત કરાવવા મદદની દુહાર કરી હતી. અમિત ચાવડાએ તેમને આશ્વાસન આપીને આ ગંભીર મુદ્દે ગુજરાતના મુખ્યમંત્રીને સત્તાવાર રજૂઆત કરવાની ખાતરી આપી હતી.

# ચૂંટણી પંચના અધિકારીઓની બેઠક

## રાજકોટ સહિત તમામ જિલ્લા કલેકટરો સાથે મતદાર સુધારણા અંગે કરી ચર્ચા : ચાલી રહેલી કામગીરી અંગેનો માંગ્યો રિપોર્ટ



રાજકોટ, તા. ૭

સમગ્ર દેશમાં હાલ મતદાર સુધારણાનું કામ ચાલી રહ્યું છે ત્યારે ગુજરાતમાં પણ આ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે ત્યારે એસઆઈઆર ની કામગીરી ઝડપથી આગળ વધે તે માટેના તમામ પગલાંઓ સ્થાનિક પ્રશાસન દ્વારા લેવામાં આવી રહ્યા છે અને ખાસ તો જિલ્લા વહીવટી તંત્રના નેજા હેઠળ આ કામગીરી થઈ રહી છે. મળતી માહિતી મુજબ કામગીરી સંદર્ભે કેન્દ્રીય ચૂંટણી પંચના અધિકારીઓ ગાંધીનગરમાં આવી પહોંચ્યા છે અને રાજકોટ સહિત જિલ્લાના કલેકટરો સાથે બેઠકો પણ યોજી હતી જેમાં કલેક્ટરોને ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને કામગીરીને ઝડપી કેમ બનાવી શકાય તે માટેના પગલાઓ પણ લેવામાં આવ્યા હતા. બીજી તરફ હાલ જે પણ કામગીરી જિલ્લા કલેક્ટરો દ્વારા મતદાન સુધારણા ને લઇ કરવામાં આવી હોય તે અંગેનો રિપોર્ટ પણ લેવામાં આવ્યો હતો. રાજય ચૂંટણી પંચની કચેરી ખાતે આયોજીત આ બેઠકમાં કેન્દ્રીય ચૂંટણી પંચના અધિકારીઓ દ્વારા મતદાર યાદીની સ્પે. સમરી રીવિઝનની કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં જીલ્લા કલેકટરો પાસેથી જીલ્લાવાઈઝ આ અંગેના રીપોર્ટ લેવામાં આવેલ હતા. આ કામગીરીની પ્રગતિ અને પડકારો બાબતે પણ માહિતી મેળવવામાં આવી હતી. તેમજ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા કલેકટરોને એસઆઈઆરની કામગીરી સંદર્ભે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેર જીલ્લાની એસઆઈઆરની કામગીરી ઝડપભેર આગળ વધારવામાં આવી રહી છે.

જેમાં પ્રથમ તબકકામાં બીએલઓ દ્વારા ઘેર ઘેર જઈ મતદાર ફોર્મનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે. આજે સાંજ સુધીમાં બીએલઓ દ્વારા મતદાર ફોર્મ વિતરણની મોટા ભાગની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવનાર છે. આ ઉપરાંત જીલ્લાના ૧૦ લાખ મતદારોનું વર્ષ ૨૦૦૨ની મતદાર યાદી સાથે મેપીં ગની કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. હાલા કામગીરી અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે ત્યારે આગામી દિવસોમાં આ અંગે નક્કર પગલા લેવામાં આવે તે ખૂબ જરૂરી છે એટલું જ નહીં મળતી માહિતી અને વિગતો મુજબ દરેક મતદારોના ઘરે બુથ લેવલના અધિકારીઓ ચાર વાર પહોંચશે અને અંતિમ સ્વરૂપ મતદાર યાદીને આપશે તેવું જણાઈ રહ્યું છે અને આ કામગીરીને ઝડપભેર આટોપી લેવા માટે પણ તંત્ર દ્વારા બીએલઓને સૂચિત કરવામાં આવ્યા છે.



# કલેકટર કચેરી ખાતે સમૂહમાં વંદે માતરમનું ગાન

## રાજકોટમાં વહેલી સવારે સરકારી કચેરીઓમાં રાષ્ટ્ર ભાવનાને પ્રદીપ્ત કરતો માહોલ

રાજકોટ, તા. ૭

'સુજલામ સુફલામ મલયજ શીતલામ્ સશ્યશ્યામલા માતરમ વંદે માતરમ..' આ ગાનના શબ્દો દેશભક્તિને રોમ રોમમાં ઉજાગર કરે છે. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચિત આ ગાનના સર્જનની ૧૫૦ મી વર્ષગાંઠ નિમિત્તે ગઈકાલે રાજ્યભરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. રાજકોટ કલેકટર કચેરી સહીત તમામ સરકારી કચેરીઓ ખાતે સમૂહમાં 'વંદે માતરમ' ગાન સાથોસાથ સ્વદેશી ભાવનાને પ્રજ્વલિત કરવા માટે શપથ લેવાયા હતા. રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે અધિક નિવાસી કલેકટર એ.કે. ગૌતમ, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી એન. કે. મુછાર સહીત અધિકારીઓ તેમજ કર્મચારીઓ સવારે ૯:૩૦ કલાકે 'વંદે માતરમ' ગાન બાદ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરુ કરાવાયેલા 'સ્વદેશી અભિયાન' અંતર્ગત સ્વદેશી વસ્તુઓ અપનાવી રાષ્ટ્રને મજબૂત કરવા સંકલ્પબદ્ધ થયા હતાં.

સ્વદેશી વસ્તુ દ્વારા સ્થાનિક વ્યાપાર ઉદ્યોગ અને કારીગરોને પ્રોત્સાહન મળે છે. વિદેશી વસ્તુઓની આયાત ઘટાડી દેશના આર્થિક વિકાસમાં સહભાગી બનવા, દેશના પ્રવાસન ક્ષેત્રનો મહત્તમ લાભ લેવા અને પર્યાવરણને બચાવવા સહિતના સંકલ્પ સાથે સૌ સાથે મળી રાષ્ટ્રને મજબૂત બનાવવા આગળ વધીએ તે સંદેશ આજના શપથમાં આવરી લેવાયો હતો.

# બોર્ડ પરીક્ષાની તૈયારીઓ શરૂ

## ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે પરીક્ષા કેન્દ્રોની તપાસ આરંભી



રાજકોટ તા. ૭

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનું એક જ માનવું છે કે જે વિદ્યાર્થી ઓ અભ્યાસ કરે છે તેનો અભ્યાસ સુચારું રહે અને કોઈ પણ પ્રકારની તકલીફનો તેઓએ સામનો ન કરવો પડે અને ભાર વગરના ભણતરની વ્યાખ્યા ખરા અર્થમાં ચરિતાર્થ થાય તે દિશામાં શિક્ષણ કાર્ય હાથ ધરવામાં આવવું જોઈએ ત્યારે દર વર્ષે ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડ પરીક્ષાનું આયોજન કરવામાં આવતું હોય છે ત્યારે અત્યારથી જ આ પરીક્ષા માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મળતી માહિતી મુજબ બોર્ડ દ્વારા પરીક્ષાના આવેદનપત્રો સ્વીકારવાનું કામ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. હાલ જે વિગત મળી રહી છે તે મુજબ રાજકોટ જિલ્લા માધ્યમિક શિક્ષણ અધિકારી દ્વારા બોર્ડ પરીક્ષા માટેના શહેર અને જિલ્લાના પરીક્ષા સેન્ટરો તથા કેન્દ્રોને નિયત કરવા માટે સ્થળ તપાસ શરૂ કરી દેવામાં આવી છે આ અંગે ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે જણાવ્યું હતું કે હાલ બોર્ડના તમામ પરીક્ષા સેન્ટરો સીસીટીવી કેમેરાથી સજ રહેશે.

દર વર્ષની જેમ આ વખતે પણ અધિકારી દ્વારા એ વાતનું જ રટણ કરવામાં આવી રહ્યું છે પરંતુ હકીકત એ છે કે દર વર્ષે કોપી કેસ નોંધાય છે ત્યારે કોફી કેસ ન નોંધાય તે માટેની વ્યવસ્થા શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવે તે ખૂબ જરૂરી છે અત્યારે પરીક્ષા કેન્દ્રો સીસીટીવી થી સજ રહેશે તે વાત છેલ્લા ઘણા વર્ષોથી ચાલી રહી છે છતાં પણ સીસીટીવીના આધારે ચોરી કરવામાં આવતી હોય તેવા એક પણ કેસ પકડવામાં આવ્યા નથી જે અનેકવિધ પ્રશ્નો ઊભા કરે છે. મુખ્યત્વે દર વર્ષે જે પરીક્ષા કેન્દ્રો હોય છે તેમ જ પરીક્ષાનું આયોજન બોર્ડ દ્વારા કરવામાં આવે છે જેનું સંચાલન જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા કરાય છે. હવે આ સ્થિતિમાં કયા પ્રકારે સુધારો આવશે તે જોવાનું રહ્યું. હાલ ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા નવા સેન્ટરો અને જુના સેન્ટરોની સ્થળ તપાસ બાદ આ અંગેનો રીપોર્ટ શિક્ષણ બોર્ડને હવાલે કરાશે. જરૂર જણાયે માંગણી મુજબ નવા સેન્ટરો શિક્ષણ બોર્ડ દ્વારા મંજૂર કરાશે. રાજકોટ શહેર જીલ્લામાં મોટાભાગે ગત વર્ષ જેટલા જ પરીક્ષા સેન્ટરો વિદ્યાર્થી ઓની સંખ્યા મુજબ રહેશે.

# રાજકોટ રેલવે ડિવિઝનમાં વંદે માતરમનો સ્મરણોત્સવ

## ડિવિઝનલ રેલ મેનેજર ગિરિરાજ કુમાર મીનાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ડીઆરએમ ઓફિસના પ્રાંગણમાં યોજાયો કાર્યક્રમ






રાજકોટ, તા.૭

રાષ્ટ્રગીત ''વંદે માતરમ '' ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં, સમગ્ર દેશની સાથે-સાથે પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં પણ આ ઐતિહાસિક અવસરને અત્યંત ઉત્સાહ અને શ્રદ્ધા સાથે મનાવવામાં આવ્યો.મુખ્ય સમારોહનું આયોજન ૭ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ડિવિઝનલ રેલ મેનેજર ગિરિરાજ કુમાર મીનાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રાજકોટ ખાતે આવેલી ડીઆરએમ ઓફિસના પ્રાંગણમાં કરવામાં આવ્યું હતું. આ અવસરે ડિવિઝનના તમામ વરિષ્ઠ રેલ અધિકારીઓ, કર્મચારીઓ અને રેલ પરિવારના સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સૌએ એક સ્વરે રાષ્ટ્રગીત ''વંદે માતરમ્'' નું સામૂહિક ગાન કર્યું, જેનાથી પરિસર દેશભક્તિ અને એકતાની ભાવનાથી ગુંજી ઉઠ્યું હતું.

ડિવિઝનલ રેલ મેનેજર મીનાએ તેમના ઉદ્બોધનમાં જણાવ્યું કે, 'વંદે માતરમ્' માત્ર એક ગીત નથી, પરંતુ તે આપણી સંસ્કૃતિ, રાષ્ટ્રપ્રેમ અને માતૃભૂમિ પ્રત્યેના સમર્પણની પ્રતીક ભાવના છે. આ ગીતે સ્વતંત્રતા સંગ્રામના સમયે દેશવાસીઓમાં જોશ અને એકતાનો સંચાર કર્યો હતો અને આજે પણ આ ગીત આપણને રાષ્ટ્રહિતમાં કાર્ય કરવાની પ્રેરણા આપે છે.

આ અવસરે ડિવિઝનના તમામ નાના-મોટા ૫૩ સ્ટેશનો જેવા કે રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, દ્વારકા સહિત તમામ ઓફિસો અને ડેપોમાં પણ ''વંદે માતરમ્'' ના સામૂહિક ગાનના કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા હતા. રેલ કર્મચારીઓએ રાષ્ટ્રગીત દ્વારા પોતાની દેશભક્તિ, એકતા અને સાંસ્કૃતિક વારસા પ્રત્યેના સન્માનને વ્યક્ત કર્યું.

આ કાર્યક્રમ રાજકોટ ડિવિઝન માટે ગૌરવપૂર્ણ રહ્યો અને તેણે સૌમાં રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ પ્રબળ બનાવી. રાજકોટ ડિવિઝનના વિવિધ રેલવે સ્ટેશનો પર ઓડિયો સંદેશાઓ અને વિશેષ ઘોષણાઓ પ્રસારિત કરવામાં આવી રહી છે, સાથે જ સ્ટેશનો પર લાગેલા એલઈડી ડિસ્પ્લે દ્વારા પણ ''વંદે માતરમ્'' સંબંધિત માહિતી આજથી આખા વર્ષ દરમિયાન પ્રદર્શિત કરવામાં આવશે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ધર્મ સંકટ

## સમાજના સંકટો દૂર કરવાની જવાબદારી ધરાવતો ધર્મ ખુદ સંકટ બની ગયો



ભગવુ વસ્ત્ર સન્માનનીય છે તેવી સનાતનની દિવ્ય પરંપરા વારંવાર વિવાદમાં આવીને પરંપરા સામે સવાલો સર્જે છે. જૂનાગઢના ભારતી આશ્રમનો વિવાદ ચાર-પાંચ દિવસ મીડિયામાં ચમક્યા બાદ શાંત થયો છે.

ગિરનારની દિવ્ય ઉર્જાની ઝલક મેળવવા લોકો દેશ દુનિયાથી આવીને ધન્ય બની રહ્યા છે. પણ, પ્રકૃતિએ જેમને ગિરનારના નિરંતર સાનિધ્યની તક આપી છે તેવા મહાત્માઓ ત્યાં રહીને નકારાત્મક વિવાદો સતત સર્જી રહ્યા છે. ભગવા વસ્ત્રના કારણે સમગ્ર પરંપરાની દિવ્યતાને કલંક લાગી રહ્યું છે. આ સામે સમાજનું મૌન આઘાતજનક ગણાય.

ક્યા સાધુનો વાંક છે, કોણ નિર્દોષ છે. તેમાં પડવાનું જ નથી. સંસાર છોડીને ભક્તિ-સાધનામાં લીન બનેલા વિવાદ કરે એ જ સૌથી મોટો ગુન્હો છે. કરોડો લોકો ગિરનારની સાથે શ્રધ્ધાથી જોડાયેલા છે. વિવાદી મહાત્માઓ આ ભક્તોને શું બોધ આપી શકે? સંસાર કરતા વધારે બઘડાટી સંસાર છોડનારા કરી રહ્યા છે. અમુક માથાઓ સાધુઓના જૂથોના સમર્થક બનીને વિવાદોને હવા ભરીને પોતાનો સ્વાર્થ સાધી રહ્યા છે. યાદ રાખજો, બદનામી સનાતનની ભવ્ય પરંપરાની થાય છે.

વિવાદો સર્જનાર, મિલકતો કે પદ માટે ઘાંઘા બની જનારા સાધુ-મહાત્માઓનો સમાજે જ બહિષ્કાર કરી દેવો જોઇએ. માત્ર ગિરનારના જ નહિ, અનેક સંપ્રદાયોના સાધુઓ પણ મિલકત, પદ માટે મરણિયા ની જાય છે. આવા તત્વો ભગવાનની પ્રાપ્તિ માટે નહિ, મોજ માટે ભગવા ધારણ કરનારા હોય છે. તેમને માન-સન્માન-વંદન હોય જ નહિ.

ધર્મ ક્ષેત્રનું કામ સમાજ-સંસારના સંકટો ઉકેલવાનું હોય છે. વર્તમાન સમયમાં તો ધર્મ ખુદ સમાજ સામે મહાકાય સંકટ બનીને ઉભર્યો છે. આવી સ્થિતિ બનવાના અનેક કારણોમાં મહત્વનું કારણ સમાજ ખુદ છે. યોગ્યતા-પાત્રતાની ચકાસણી કર્યા વગર ગમે તેના ચરણોમાં આળોટવાની ટેવના કારણે ઘણાં ફાલતુ તત્વો ધર્મના મોટા પદો પર ગોઠવાઇ ગયા છે.

લાલચુ સમાજ આવા તત્વોના ચક્કરમાં ફસાઇ જાય છે. સમાજના દાનથી ચાલતા ધર્મમાં ગોઠવાઇ ગયેલા તત્વો સમાજને તુચ્છ ગણીને ખુદ વૈભવ-સુરા-સુંદરીમાં મોજ કરતા રહે છે.

ગિરનારની દિવ્ય ઉર્જામાં રહીને પણ ખુદનું કલ્યાણ ન કરી શકનારા તત્વો અન્યનું કલ્યાણ કરી જ ન શકે, આવા તત્વોથી દૂર રહો, દાન આપવાનું બંધ કરો. માન-પાન-દાન-વૈભવ નહિ મળે તો તત્વો આપોઆપ જ દૂર થઇ જશે. યાદ રાખવાનું એ છે કે, કોઇ દેવી-દેવતાએ પોતાના એજન્ટ તરીકે કોઇ માણસની નિમણૂક નથી કરી.

# બિહારમાં NDAની સરકાર : મોદી

## ઔરંગાબાદમાં ચૂંટણી સભા સંબોધતા વડાપ્રધાન મોદીએ કહ્યું, બિહારના યુવાનોએ આરજેડીના જુઠ્ઠાણાને નકારી કાઢ્યું



નવીદિલ્હી, તા. ૭

શુક્રવારે બિહારના ઔરંગાબાદમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું. રાજ્યમાં મતદાનના પ્રથમ તબક્કા પછી પીએમ મોદીની આ પહેલી રેલી હતી. ભારે મતદાન બાદ તેમણે જાહેર કર્યું કે બિહારમાં એનડીએ સરકાર સત્તામાં પાછી ફરી રહી છે. સુશાસનની સરકાર પાછી ફરી રહી છે. ગુરુવાર, ૬ નવેમ્બરના રોજ યોજાયેલી મતદાનના પ્રથમ તબક્કામાં આશરે ૬૪.૪૬ ટકા મતદાન થયું હતું. વડા પ્રધાને કહ્યું, ''બિહારના યુવાનોએ પણ આરજેડીના જુઠ્ઠાણાને નકારી કાઢ્યું છે. બિહારના મતદારો નરેન્દ્ર મોદી અને નીતિશ કુમારના ટ્રેક રેકોર્ડ પર વિશ્વાસ કરે છે. મતદાનનો પ્રથમ તબક્કો એનડીએ સરકારના પુનરાગમનની પુષ્ટિ કરે છે.'' વડા પ્રધાને કહ્યું, ''અમારી ડબલ-એન્જિન સરકારે બિહારના વિકાસ માટે ત્રણ ગણા વધુ પૈસા ફાળવ્યા છે. આજે, બિહારના દરેક ક્ષેત્રમાં રસ્તાઓ, પુલો, રેલ્વે ટ્રેક, હોસ્પિટલો અને કોલેજો બનાવવામાં આવી રહી છે. એનડીએ પાસે લોકોની જરૂરિયાતોને અનુરૂપ વિવિધ યોજનાઓ છે.

વડા પ્રધાન મોદીએ કહ્યું, ''મોદીએ વચન આપ્યું હતું કે રામ મંદિર બનાવવામાં આવશે, અને રામ મંદિર ખૂબ જ ધામધૂમથી બનાવવામાં આવ્યું હતું.'' મોદીએ વચન આપ્યું હતું કે કલમ ૩૭૦ ની દિવાલ પડી જશે, અને પછી કલમ ૩૭૦ રદ કરવામાં આવી. બિહારની આ જ ધરતી પર મોદીએ કહ્યું હતું કે પહેલગામ હુમલાનો બદલો લેવામાં આવશે, અને પછી દેશે ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાનનો વિનાશ જોયો. પીએમએ વધુમાં કહ્યું, ''મેં આપણા દેશનું રક્ષણ કરનારા બહાદુર સૈનિકોને વન રેન્ક, વન પેન્શનનું વચન આપ્યું હતું. આજે, ૭ નવેમ્બર, વન રેન્ક, વન પેન્શનના અમલને ૧૧ વર્ષ પૂર્ણ થયા છે. આપણા લશ્કરી પરિવારો છેલ્લા ચાર દાયકાથી વન રેન્ક, વન પેન્શનની માંગ કરી રહ્યા છે, પરંતુ કોંગ્રેસ પાર્ટીએ દર વખતે તેમને ખોટું બોલ્યા. મેં મારા લશ્કરી ભાઈઓ અને બહેનોને વન રેન્ક, વન પેન્શનના અમલની ખાતરી આપી હતી, અને મેં તે ગેરંટી પૂરી કરી છે.'' પીએમએ કહ્યું, ''આ ૧૧ વર્ષોમાં, આપણા નિવૃત્ત લશ્કરી ભાઈઓ અને બહેનો અને તેમના પરિવારોને ૧ લાખ કરોડ રૂપિયાથી વધુ આપવામાં આવ્યા છે.

પીએમે આરજેડી અને કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધ્યું. તેમણે કહ્યું, ''જંગલ રાજના લોકો પાસે એવી દરેક વસ્તુ છે જે નોકરીઓ અને રોકાણ બંનેને જોખમમાં મૂકે છે.'' આ લોકો પહેલાથી જ બાળકોને ગુંડાઓમાં ફેરવવાની વાત કરી રહ્યા છે. તેઓ ખુલ્લેઆમ જાહેર કરી રહ્યા છે કે જો ''ભૈયાની સરકાર'' સત્તામાં આવશે, તો આ બધું બંદૂકો, ડબલ-નાળવાળી બંદૂકો અને ખંડણીથી કરવામાં આવશે. તેથી, આપણે આ લોકોથી સાવધ રહેવું જોઈએ; બિહાર બંદૂક જેવી સરકાર ઇચ્છતું નથી. પીએમ મોદીએ આ પ્રસંગે ખેડૂતોનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, ''કોંગ્રેસે ક્યારેય નાના ખેડૂતોને પૂછ્યું પણ નથી. મોદી જ ખરેખર ખેડૂતોની કાળજી રાખે છે. અમારી સરકાર ખેડૂતોને વાર્ષિક ૬,૦૦૦ રૂપિયાની સહાય પૂરી પાડે છે. હવે, જ્યારે બિહારમાં ફરીથી NDA સરકાર બનશે, ત્યારે ખેડૂતોને વધારાની ૩,૦૦૦ રૂપિયા મળશે, જેનાથી કુલ વાર્ષિક સહાય ૯,૦૦૦ રૂપિયા થશે.

પીએમએ વધુમાં કહ્યું, ''કોંગ્રેસ અને RJD સત્તા માટે કોઈને પણ દગો આપી શકે છે. ઔરંગાબાદ આનો સૌથી મોટો સાક્ષી છે. આખા બિહારે અહીં શું થયું તે જોયું છે. RJDએ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખનું અપમાન કર્યું. RJDએ કોંગ્રેસને એ જ બેઠકો આપી જે તેણે ૩૫૪૦ વર્ષમાં જીતી ન હતી.'' RJDએ કોંગ્રેસ પાસેથી મુખ્ય પ્રધાનપદની ઉમેદવારી છીનવી લીધી. શું પોતાના જ સાથીઓ સાથે દગો કરનારા ખરેખર બિહારના લોકો પ્રત્યે સાચા હોઈ શકે?

# કેરળમાં SIR કામગીરીને લઈ વિરોધ

## નાનું દક્ષિણ રાજ્ય જે કોઈ આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતું નથી, ઘુસણખોરો અથવા ગેરકાયદેસર મતદારોની શક્યતા ઓછી છે, છતાં મતદારો ડરે છે

નવીદિલ્હી, તા. ૭

બિહારમાં મતદાર યાદીઓની સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા પૂર્ણ થયા પછી, ચૂંટણી પંચ હવે તેને દેશભરમાં તબક્કાવાર રીતે હાથ ધરી રહ્યું છે. આ સંદર્ભમાં, કેરળમાં SIR ગણતરી પ્રક્રિયા મંગળવારે શરૂ થઈ. જોકે આ નાનું દક્ષિણ રાજ્ય કોઈ આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતું નથી, જેના કારણે ઘુસણખોરો અથવા ગેરકાયદેસર મતદારોની શક્યતા ઓછી છે, લગભગ ૩ મિલિયન મતદારોને ડર છે કે તેમના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવી શકે છે. કેરળમાં અંદાજે ૩ મિલિયન NRI હોવાનો અંદાજ છે. ઘણા NRI પરિવારોના આખા પરિવારો વિદેશમાં સ્થાયી થયા છે, જ્યારે કેરળમાં તેમના ઘરો બંધ છે. તેથી, તેમની ચિંતા એ છે કે તેમાંથી મોટાભાગના મતદાર યાદીમાંથી બાકાત રહેવાનું જોખમ છે. ચૂંટણી પંચે તાજેતરમાં ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIRની જાહેરાત





કરી હતી, જેમાં કેરળ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને પુડુચેરી (કેન્દ્રશાસિત પ્રદેશ) ના ચૂંટણીવાળા રાજ્યોનો સમાવેશ થાય છે.

દરમિયાન, રાજ્યના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને બુધવારે (૫ નવેમ્બર) તિરુવનંતપુરમમાં SIR મુદ્દા પર સરકારના વલણની ચર્ચા કરવા માટે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. મુખ્યમંત્રી વિજયનની અધ્યક્ષતામાં યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીમાં સુધારાને કાયદેસર રીતે પડકારવા અને તેના અમલીકરણનો વિરોધ કરવા સંમતિ દર્શાવવામાં આવી હતી. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સિવાય બેઠકમાં હાજર તમામ પક્ષોએ રાજ્યના SIR પ્રક્રિયાને કાયદેસર રીતે આગળ વધારવાના નિર્ણયને ટેકો આપ્યો હતો.

કેરળના ચૂંટણી અધિકારીઓ પણ NRI સમુદાયના નામ કાઢી નાખવાના ભયને સમજી રહ્યા છે. રાજ્યના ચૂંટણી અધિકારીઓ વિદેશમાં રહેતા NRIઓમાં તેમના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવાની ચિંતાને દૂર કરવા માટે એક ઝુંબેશ ચલાવી રહ્યા છે. મુખ્ય ચૂંટણી અધિકારી રતન યુ. કેલકરે જણાવ્યું હતું કે વિદેશમાં રહેતા ભારતીય નાગરિકો આ ફોર્મ ઓનલાઈન સબમિટ કરી શકે છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે જણાવ્યું હતું કે, ''ચકાસણી દરમિયાન, જો સંબંધીઓના સંબંધીઓ અથવા સંબંધીઓ જરૂરી સ્પષ્ટતાઓ પ્રદાન કરે, તો તે પૂરતું હશે.

સપ્ટેમ્બરની શરૂઆતમાં, કેરળ વિધાનસભાએ સર્વાનુમતે SIRનો વિરોધ કરતો ઠરાવ પસાર કર્યો હતો. વધુમાં, કેરળના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા તાજેતરમાં બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં, સીપીઆઈ-એમ અને કોંગ્રેસે એસઆઈઆરનો સખત વિરોધ કર્યો હતો, અને આરોપ લગાવ્યો હતો કે આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને, કેન્દ્રની ભાજપ સરકાર કેરળમાં એસઆઈઆર પ્રક્રિયાને ઉતાવળમાં લાગુ કરવામાં સ્વાર્થી હોઈ શકે છે.

દરમિયાન, ભાજપના પ્રદેશ પ્રમુખ રાજીવ ચંદ્રશેખરે જણાવ્યું હતું કે કેરળમાં એસઆઈઆરની જરૂરિયાત વધુ સુસંગત બની ગઈ છે કારણ કે રાજ્યમાં જારી કરાયેલા આધાર કાર્ડની કુલ સંખ્યા રાજ્યની કુલ વસ્તી કરતા ૪.૯ મિલિયન વધી ગઈ છે. તેવી જ રીતે, ઘણા રાજ્યોમાં, આધાર કાર્ડની સંખ્યા તેમની વસ્તી કરતા વધી ગઈ છે, જેના કારણે એસઆઈઆર જરૂરી બને છે. જો કે, સૂત્રો એ પણ સૂચવે છે કે આધાર કાર્ડની વધતી સંખ્યાનું એક કારણ એ હોઈ શકે છે કે મૃત વ્યક્તિઓના આધાર કાર્ડ રદ કરવામાં આવ્યા નથી.

# હાઈવે ઉપર રખડતા પ્રાણીઓ પર પ્રતિબંધ

## સુપ્રીમ કોર્ટે દેશભરમાં શ્વાન મુદ્દે હાથ ધરી સુનાવણી : ન્યાયાધીશ નાથે જણાવ્યું કે આ આદેશ ત્રણ ભાગમાં થશે કાર્યરત

નવીદિલ્હી, તા. ૭

શુક્રવારે સુપ્રીમ કોર્ટે દેશભરમાં રખડતા કૂતરાઓના મુદ્દા પર સુનાવણી કરી. ન્યાયાધીશ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન.વી. અંજારિયાની બનેલી બેન્ચે સુનાવણી હાથ ધરી. સુપ્રીમ કોર્ટે હાઈવે અને એક્સપ્રેસવે પરથી રખડતા પ્રાણીઓ પર પ્રતિબંધ મૂક્યો અને તેમને તાત્કાલિક દૂર કરવાનો આદેશ આપ્યો. ન્યાયાધીશ નાથે જણાવ્યું કે આ આદેશ ત્રણ ભાગમાં છે. પહેલો ભાગ પાલનનો છે. એમિકસ રિપોર્ટની સામગ્રી આદેશના અભિન્ન ભાગ તરીકે વાંચવામાં આવશે. રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો આગામી સુનાવણી પહેલાં વ્યાપક સોગંદનામા દાખલ કરશે, જેમાં રિપોર્ટમાં દર્શાવેલ ખામીઓને દૂર કરવા માટે લેવામાં આવેલા પગલાંની રૂપરેખા આપવામાં આવશે. કોઈપણ ઢીલાશને ગંભીરતાથી જોવામાં આવશે.

ન્યાયાધીશ નાથે જણાવ્યું કે બીજો આદેશ રાજસ્થાન હાઈકોર્ટના નિર્દેશો સાથે સંબંધિત છે. આ નિર્દેશોને એટલી હદે સમર્થન આપવામાં આવ્યું છે કે તમામ રાજ્યોમાં નોડલ અધિકારીઓ રાષ્ટ્રીય ધોરીમાર્ગો પરથી રખડતા પ્રાણીઓને દૂર કરવાની ખાતરી કરશે. હાઈવે/રસ્તા/એક્સપ્રેસવે પર જોવા મળતા પશુઓ સહિત તમામ પ્રાણીઓને તાત્કાલિક દૂર કરવા માટે સંયુક્ત, સંકલિત ઝુંબેશ શરૂ કરવામાં આવશે. પશુઓ અને અન્ય પ્રાણીઓને તમામ જરૂરી સંભાળ પૂરી પાડવામાં આવશે. તેમના આદેશમાં, તેમણે જણાવ્યું હતું કે તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો કડક પાલન સુનિશ્ચિત કરશે. નહિંતર, અધિકારીઓ વ્યક્તિગત રીતે જવાબદાર રહેશે. નિર્દેશોના પાલન અંગેનો સ્ટેટસ રિપોર્ટ આઠ અઠવાડિયામાં સબમિટ કરવામાં આવશે.



### રખડતા કૂતરાઓ પર આદેશ

- સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ત્રીજો નિર્દેશ સંસ્થાકીય વિસ્તારો સાથે સંબંધિત છે. કૂતરા કરડવાની વધતી જતી ઘટનાઓને ધ્યાનમાં રાખીને, આ કોર્ટ નીચેના નિર્દેશો જારી કરવા જરૂરી માને છે.
- રાજ્ય સરકારો/કેન્દ્રશાસિત પ્રદેશોએ બે અઠવાડિયામાં જિલ્લા હોસ્પિટલો, જાહેર રમતગમત સંકુલ અને રેલ્વે સ્ટેશન સહિત તમામ સરકારી સંસ્થાઓની ઓળખ કરવી જોઈએ. ખાતરી કરો કે રખડતા કૂતરાઓના પ્રવેશને રોકવા માટે જરૂરી પરિસરને પર્યાપ્ત વાડથી સુરક્ષિત કરવામાં આવે.
- આ કાર્ય આઠ અઠવાડિયામાં પૂર્ણ કરવાનું છે. સંસ્થાઓના મેનેજમેન્ટે વિસ્તારની જાળવણી માટે જવાબદાર નોડલ અધિકારી નિયુક્ત કરવા જોઈએ.
- સ્થાનિક મ્યુનિસિપલ સત્તાવાળાઓ આવા તમામ પરિસરનું નિયમિત નિરીક્ષણ કરશે જેથી ખાતરી કરી શકાય કે આવા પરિસરમાં કોઈ રખડતા કૂતરા રહેતા નથી. દરેક રખડતા કૂતરાને તાત્કાલિક આવા પરિસરમાંથી દૂર કરવા જોઈએ અને નસબંધી પછી આશ્રયસ્થાનમાં સ્થાનાંતરિત કરવા જોઈએ. રખડતા કૂતરાઓને જે વિસ્તારમાંથી ઉપાડવામાં આવ્યા હતા ત્યાં છોડવા જોઈએ નહીં. આવું થવા દેવાથી હેતુ નિષ્ફળ જશે.

!! લાખ રૂપિયાની વાત !!
જીવવાની મજા તો ત્યારે આવે
જ્યારે તમને ખબર હોય કે લોકો
તમારો ઉપયોગ કરી રહ્યા છે,.
તેમ છતાં તમે નિસ્વાર્થ
ખર્ચાઈ રહ્યા હોવ,..
અંજામની ખબર તો સાહેબ
કર્ણને પણ હતી પણ વાત
સંબંધ નિભાવવાની હતી,..
શબ્દો ને બે જ જણા ઢંગથી
વાંચે છે એક "જ્ઞાન મેળવનાર" ને
બીજો "ભુલો શોધનાર",..
પૂ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

### રાજપૂતપરામાં ટ્રાન્સપોર્ટમાં થયેલી તસ્કરીનો ઉકેલાયો ભેદ

# ટ્રાન્સપોર્ટમાંથી ૨.૨૫ લાખનો ગન સ્ક્રેપ ચોરનાર બેલડી ઝડપાઈ

## શાસ્ત્રી મેદાન પાસે ભંગાર વેચવાની ફિરાકમાં હતા ત્યાં જ એ ડીવીઝન પોલીસ પહોંચી ગઈ : બંને પાસેથી તમામ ચોરાઉ સ્ક્રેપ કરાયો કબજે

રાજકોટ, તા. ૭
રાજપૂતપરની ટ્રાન્સપોર્ટની ઓફીસમાંથી સ્ક્રેપ ચોરનાર બંને શખ્સને ઝડપી લઈને એ-ડીવીઝન પોલીસે ચોરાઉ સ્ક્રેપ કબજે કરીને ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. હવે બંનેને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ કાલાવડ રોડ પર કોસ્મોપ્લેક્સ પાછળ સેરેનીટી ગાર્ડન ૩૦૨ ખાતે રહેતાં રાજદિપસિંહ ઇન્દ્રજીતસિંહ જાડેજાએ પોતાના ખોડીયાર ટ્રાન્સપોર્ટની ઓફિસમાંથી એ-ડિવીઝન પોલીસમાં ૨,૨૫,૧૬૭નો ૧૮૮ કિલો સ્ક્રેપની ચોરી થઇ ગયાની એ ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ૨૮મી ઓક્ટોબરે તેમની કંપનીની ગાડીમાં ભાવનગર ખાતેથી મહેન્દ્ર મેટલ ટ્રેડલીંક દ્વારા ગન મેટલનો કોપરના આવેલા ભંગારમાં અલગ અલગ સાઇઝના ૫૫ નંગ ટુકડા હતાં સ્ક્રેપ આશરે રૂ. ૧૧,૫૪,૮૨૨નો ૧૫૮૦ કિલો હતો. સ્ક્રેપ ભક્તિનગર જીઆઇડીસીમાં કોસીનેટ એન્જીનીયર કંપનીમાં મોકલાયો હતો. જો કે આ પહેલા સ્ક્રેપ તેમણે તેમની ઓફીસ ખાતે ઉતારી રખાવી દીધો હતો.

ત્યારબાદ પછી ૩૧મીએ રિક્ષામાં સ્ક્રેપના અલગ અલગ સાઇઝના ટુકડા



ભરીને કોસીનેટ એન્જિનીયર કંપનીમાં મોકલ્યા હતાં. થોડા સમય બાદ કોસીનટેમાં માલ રિસીવ કરનાર કર્મચારીએ ફોન કરી કહ્યું હતું કે, ભાવનગરથી મંગાવેલા ૧૫૮૦ કિલો કોપરના સ્ક્રેપનો વજન કરવામાં આવતા ૧૩૯૨ કિલો જ વજન બતાવે છે. અને કોપર સ્ક્રેપના ૫૫ નંગમાંથી ૭ નંગ પણ ઘટે છે. એટલેકે રૂ. ૨,૨૫,૧૬૭નો, ૧૮૮ કિલો સ્ક્રેપ ઓછો મળ્યો છે.

ભંગાર ઓછો થઇ ગયાની વાતમાં તપાસ કરતા ઓફીસ ખાતે ઉતારાયો ત્યારે તેમાંથી આટલી કિમતનો સ્ક્રેપ ચોરી ગયાની રાજદીપસિંહ જાડેજાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ટ્રાન્સપોર્ટરની ફરિયાદ પરથી એ ડીવીઝન પોલીસે તપાસ શરુ કરી હતી.

બીજીબાજુ એ ડીવીઝન પોલીસ કાફલો પેટ્રોલિંગ હતો ત્યારે હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ ચાવડા, કલ્પેશભાઈ બોરીચા અને ધારાભાઈ વાનરિયાને બાતમી મળી હતી કે શાસ્ત્રી મેદાન પાસે ઉભેલા બે શખ્સ શંકાસ્પદ હાલતમાં ઉભા રહેને કોઈ ગેરપ્રવુતિ કરવાની ફિરાકમાં છે. બાતમીના આધારે પોલીસે શાસ્ત્રી મેદાન નજીક પહોચીને ત્યાં ઉભેલા બે શખ્સોની સઘન પૂછપરછ કરી તપાસતા બંને શખ્સ પાસેથી ગન સ્ક્રેપ મળી આવ્યો હતો.

બંનેની આકરી પૂછપરછ કરવામાં આવતા આ બંનેમાંથી એક મહિકા ગામ પાસે, રાધિકા રેસીડેન્સી ગેઇટ-૩ વાળી શેરીમાં, જય ગોગા મકાનમાં રહેતો સંજય કરશન ચૌહાણ અને બીજો કોઠારિયા રોડ, ન્યુ સાગર મેઈન રોડ, મહેશ્વરી સોસાયટી ૧-બી કોર્નર, ભવાની ચોક રાજકોટમાં રહેતો શબ્બીર ગુલાબ શીશાંગીયા હોવાનું બહાર આવ્યું હતું.

પકડાયેલા શખ્સોએ તેમની પાસે ચોરેલો તમામ રૂ.૨,૨૫,૧૬૭નો ચોરાઉ સ્ક્રેપ હોવાનું કબુલતા પોલીસે ભંગાર કબજે કર્યો હતો.

ગન સ્ક્રેપ સાથે બેલડીને પકડી લેવામાં પીઆઈ બોરીસાગર, પીએસઆઈ એચ.એન.જેઠવા, એએસઆઈ બી.વી. ગોહિલ, એમ.એસ.મકવાણા, હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ ચાવડા, કલ્પેશભાઈ બોરીચા, કરણભાઈ વિર્સોડીયા. કનુભાઈ બસિયા, સાગરભાઈ માવદીયા, ધારાભાઈ વાનરીયા તેમજ કોન્સ્ટેબલો ધર્મેશભાઈ ખાંડેખા અને તેજસભાઈ ડેર રોકાયા હતા.

### સોલાર પ્લાન્ટમાં ઝડપી ઇલેક્ટ્રિક મીટર લગાવી હેરાનગતી ના કરવા માંગી'તી લાંચ

# મોરબીમાં PGVCLનો ઈજનેર-વચેટિયો વીસ હજારની કટકી લેતા ઝબ્બે

## ACB રાજકોટના મદદનીશ નિયામક કે.એચ.ગોહિલની ટીમને સફળતા : વચેટિયાએ લાંચ સ્વીકારી ને બંનેને ઝાલી લીધા



રાજકોટ, તા.૭
લાંચ લેવી ગુન્હો છે. તેવું જાણતા હોવા છતાં ખાઉધરા સરકારી અધિકારીઓ કેમેય કરીને ધરાતા ન હોવાનું બહાર આવે છે. આવી જ વાત સાબિત થતી હોય તેમ રાજકોટના એસીબી તંત્રે ગોઠવેલા લાંચના છટકામાં મોરબીમાં પીજીવીસીએલનો નાયબ ઈજનેર મિનેષભાઇ અરજણભાઇ જાદવ અને તેનો વચેટીયો પ્રવીણભાઇ નાનજીભાઇ માકાસણા ૨૦ હજારની લાંચ લેતા રંગે હાથે ઝડપાઈ જતા સમગ્ર મોરબી પંથકમાં અને વીજતંત્રમાં ચકચાર જાગી છે.

આ બાબતે મળતી વિગતો મુજબ મોરબીમાં સોલાર ફીટ કરવાનું કામ કરતી એક કંપનીએ બે જગ્યાએ સોલાર પ્લાન્ટ ફીટ કર્યા હતા. અને બંને પ્લાન્ટમાં તાકીદે ઈલેક્ટ્રિક મીટર લગાવીને બિનજરૂરી હેરાનગતી ન સહવી પડે એટલે ૨૦ હજારની માંગણી કરી હતી. પરંતુ ફરીયાદી દ્વારા આવી રકમ લાંચિયા અધિકારીને આપવાને બદલે તેમને શબક શીખવવા વિચારીને રાજકોટ એસીબી તંત્રને સંપર્ક કરીને સમગ્ર હકીકત જણાવીને પગલાં ભરવા માંગ કરી હતી.

સોલાર પ્લાન્ટનું કામ કરતી કંપનીના યુવાનની ફરિયાદ પરથી એ.સી.બી. પો.સ્ટે., રાજકોટ ગ્રામ્ય તેમજ સ્ટાફ દ્વારા પી.જી.વી. સી.એલ કચેરીની પાસે, વેજીટેબલ રોડ, મોરબીમાં, એસીબી રાજકોટના મદદનીશ નિયામક કે.એચ. ગોહિલના સુપરવિઝન હેઠળ, પીઆઈ જે.એમ. આલ દ્વારા ટ્રેપ ગોઠવાઈ હતી.

ઘણી વખત શિકારી ખુદ ફસાઈ જતો હોય છે તેવી જ વાત સાબિત કરવા ગોઠવેલા લાંચના છટકા સ્થળે ફરિયાદીએ પહોચીને પીજીવીસીએલના નાયબ ઇજનેર મીનેશ જાદવ સાથે જરૂરી વાત કરતા મીનેશે ૨૦ હજાર તેમના મળતિયા પ્રવીણને આપી દેવા જણાવ્યું હતું. આ સમયે નિર્ભીક બનીને પ્રવીણે લાંચની રકમ સ્વીકારી ત્યારે તેમને રંગે હાથે અને ત્યાં ઉપસ્થિત નાયબ ઈજનેરને પણ ઝડપી લેવાયા હતા. મરાઈ ગયા, આ તો એસીબીએ ઝાલી લીધા તેવું બનેને મનોમન અનુભવ્યું હતું પણ હવે તો ઝડપાઈ ગયા પછી શું થાય ? તેવી મૂંઝવણ વચ્ચે બંને સામે લાંચ લેવી અને એકાબીજાને મદદગારી કરી હોવાની એસીબીએ કાર્યવાહી કરતા મોરબી પંથકમાં ચકચાર જાગી છે.

અત્રે એ નોંધનીય છે કે, રાજકોટ એસીબીના મદદનીશ નીયામક કે.એચ. ગોહિલ દ્વારા અગાઉ અનેકવાર પ્રજાજોગ જાગૃતિ માટે જાહેરાતો કરી છે કે, લાંચિયા અધિકારીઓ, તત્વો સામે તાબે થયા વગર એસીબીનો સંપર્ક સાધવામાં આવશે તો ફરિયાદીની ગુપ્તતા જાળવીને લાંચિયાઓને પ્રજા સમક્ષ ઉઘાડા પાડવા કોઈ દિવસ પાછી પાણી નહિ કરવામાં આવે.

### કાલાવડ રોડ આંબેડકરનગરના શખ્સે પાડોશી સાથે ગુંડાગીરી આચરી : આજે તો મારી જ નાંખુ કહી તૂટી પડ્યો

# રિક્ષા તારા ઘરમાં જ રાખવી... ભૂપતે પાડોશીને તલવાર ઝીંકી

## લોકો ભેગા થઇ જતાં પીન્ટુને વધુ મારથી બચાવ્યો: તાલુકા પોલીસે FIR દાખલ કરી

રાજકોટ, તા. ૭
જેને ડખ્ખા જ કરવા હોય છે એને કારણ કોઇપણ હોય એ ગમે તેની સાથે માથાકુટ કરી લેતાં હોય છે. અમુક એવા હોય છે જે નાની નાની વાતે પાડોશીઓ ઉપર પણ હુમલા કરી બેસતા હોય છે. કાલાવડ રોડ આંબેડકરનગરમાં રહેતાં યુવાનને તેના જ પડોશમાં રહેતાં શખ્સે ગાળો દઇ તલવારનો ઉંધો ઘા મારી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપતાં યુવાને પોલીસને જાણ કરી હતી. રિક્ષા શેરીમાં રાખવા મામલે આ પાડોશીએ ગુંડાગીરી આચરી લીધી હતી.



વિગતો પર નજર કરીએ તો કાલાવડ રોડ જડુસ ફૂડ ફિલ્ડ નજીક યુ-ફ્રેશવાળી શેરી આંબેડકરનગર-૩માં રહેતાં અને છુટક મજૂરી કરતાં પીન્ટુ કાનજીભાઇ સોલંકી નામના ચોવીસ વર્ષના યુવાની ફરિયાદ પરથી તેના જ વિસ્તારમાં રહેતાં ભૂપત પીઠાભાઇ કટારીયા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. પીન્ટુ સોલંકીએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને મજુરી કરુ છું. ગુરૂવારે તા. ૬ના રાતે સાડા દસેક વાગ્યે હું મારા ઘરેથી જમીને બહાર ફાકી ખાવા જતો હતો ત્યારે અમારી બાજુમા રહેતો ભુપત પીઠાભાઈ કટારીયા મને કહેવા લાગેલ કે આ તારી રીક્ષા શેરીમાં નહી રાખવાની તમારા ઘરમાં જ રાખવાની.

ચાલીને ભૂપત મારી પાસે આવ્યો ત્યારે તેના બંને હાથ પાછળ હતાં, પછી મને ખબર પડી હતી કે તેણે હાથમાં તલવાર રાખી હતી. ત્યારબાદ ભૂપત મને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગેલ હતો, મેંગાળો આપવાની ના પાડતા ઉંધી તલવાર માથા જમણા પગની પાછળ મારી દીધી હતી. હું રાડારાડ કરવા માંડતા માણસો પણ ભેગા થઇ ગયા હતાં. દરમિયાન મારા મામા દિનેશભાઇ તથા મારા માસી જોશનાબેન વિગેરે આવી ગયા હતાં.

આ વખતે પણ ભૂપત શેરીમાં બેફામ ગાળો બોલતો હતો અને બધાની વચ્ચે મને કહેલું કે-આજે તો તને જાનથી મારની જ નાખવો છે. ત્યારબાદ તેણે શેરીમાંથી એક પથ્થર લઇને મારા હાથમાં રહેલા મોબાઇલ ફોનની ડીસ્પ્લે તોડી નાખી ને નુકશાની કરેલ હતી. આ પછી વધુ માણસો ભેગા થઇ જતાં ભૂપત ભાગી ગયો હતો. મેં ૧૧૨માં કોલ કરતાં પોલીસ આવી ગઇ હતી અને તાલુકા પોલીસ સ્ટેશને મને લઇ ગયા હતાં. રિક્ષા શેરીમાં નહિ રાખવાની તેમ કહી ભૂપતે મને ગાળો દઇ ધમકી આપી તલવારથી માર મારી મારો ફોન તોડી નાંખ્યો હોઇ મેં ફરિયાદ કરી હતી. તેમ વધુમાં પીન્ટુએ કહેતાં પીઆઇ ડી. એમ. હરીપરાની રાહબરીમાં હેડકોન્સ. કિશનભાઇ અજાગીયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. અગાઉ પણ ભૂપત પોલીસ ચોપડે ચડી ગયાનું સુત્રોએ જણાવ્યું હતું.

# પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટની કામગીરી પૂર ઝડપે વધી આગળ

## ઘણા ખરા પ્રશ્નોનું આવી જશે ત્વરિત નિવારણ માત્ર એક જ જગ્યાએથી નવા હાથ ધરવામાં આવેલા પ્રોજેકટની મળી જશે સંપૂર્ણ માહિતી

રાજકોટ, તા. ૭
મહાનગરપાલિકાના તમામ પ્રોજેક્ટ તથા હાથ ધરવામાં આવેલી કોઈપણ યોજનાની યોગ્ય અમલવારી થાય છે કે કેમ સાથોસાથ જે કામગીરી માટે કેટલાનું ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું સહિતની તમામ વ્યવસ્થા કઈ પ્રકારે ચાલી રહી છે તે માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટની સ્થાપના મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી છે જેથી એક જ જગ્યા પર થી આ તમામ બાબતોની માહિતી મળી શકે અને સંચાલન કરવું પણ સરળ બને જે માટે મનપાએ ૩૫ ઇજનેરોના ઈન્ટરવ્યૂ કે જે ૧૧ મહિનાના કરાર આધારિત રહેશે તે પણ કરી દેવામાં આવ્યા છે. હાલ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે પ્રથમ માળે જે ટેક્સ બ્રાન્ચ છે તેને ખાલી કરવાનો નિર્ણય લીધો છે જેથી આ બ્રાન્ચ ના જે પણ સાહિત્ય અથવા તો ઉપયોગમાં ન આવનારી ચીજ વસ્તુઓ હોય તેને ગાંધી મ્યુઝિયમમાં ફેરવવામાં આવ્યું છે અને નવા ઓફિસ માટેનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

હાલ સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે ઘણા વિભાગોનું રીનોવેશન કામ ચાલી રહ્યું છે એટલું જ નહીં એકાઉન્ટ શાખા બહારના બિલ્ડીંગમાં ફેરવવામાં આવી છે અને નવો





વિભાગ પણ બન્યો છે જે બાદ વેરા વિભાગમાં ઈજનેર યુનિટ બનાવવા દિવાળી પહેલા જ કામ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે ખુદ મ્યુનિસિપલ કમિશનર નવા યુનિટ ની રચના અને ડિઝાઇન માટે મોનિટરિંગ કરી રહ્યા છે. આ વિભાગ શરૂ થતા જ મહાનગરપાલિકાના ઘણા ખરા પ્રશ્નોનું નિવારણ ત્વરિત આવી જાય તેવું જણાઈ રહ્યું છે. મળતી માહિતી મુજબ વિવિધ ટેકનિકલ પ્રોજેક્ટના અમલીકરણમાં ઝડપથી ગતિ લાવવા માટે ૩૫ ફિલ્ડ એન્જિનિયરોની નિમણૂક સાથે કંટ્રોલરૂમ અને વોર રૂમ સાથેના નવા વિઝનમાં સરકાર દ્વારા આ યુનિટ ઊભું કરવા માટે આર્થિક સહાય પણ આપવામાં આવી છે ત્યારે સારામાં સારી માળખાગત સુવિધાઓ ઉભી કરવામાં આવે તે દિશામાં હાલ પગલાઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં આ નવું યુનિટ પૂર્ણ થઈ જાય તેવી આશા પણ તંત્ર દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

જુદા જુદા પ્રોજેકટને વધુ સુવ્યવસ્થિત, પરિણામલક્ષી અને ટેકનિકલી મજબૂત બનાવવા માટે હવે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટની રચના કરવામાં આવી છે. પ્રોજેક્ટ શરૂ થવાથી લઇ પૂર્ણતા સુધીનો દરેક તબક્કો સમયસર, પારદર્શક અને ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ થાય તેમજ લોકોને સારું ક્વોલીટીવાળું અને સમયમર્યાદામાં સારામાં સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપી શકાય તેવો છે.

યુનિટ માટે કુલ ૮ શ્રેષ્ઠ અને લાયક ઉમેદવારોની નિમણૂક કરવામાં આવશે. દૈનિક મોનીટરીંગ અને સાઇટ વિઝીટ, ખાતમુહૂર્તથી લોકાર્પણ સુધીના ટ્રેકીંગ, ગુણવત્તા અને ટેકનીકલ દેખરેખ, પ્રોગ્રેસ રીપોર્ટ, ડિજીટલ ડોકયુમેન્ટેશન, પ્રાથમિક સુવિધાઓ પર સતત દેખરેખ, જુદી જુદી યોજનાના અમલીકરણમાં વિલંબ દુર કરવા, ડીપીઆર, નવા પ્રોજેકટના આયોજન, પીએમયુ ડેશબોર્ડ સહિતના કામ યુનિટ માટેના આધુનિક વોર રૂમમાંથી કરવામાં આવશે.

શહેરમાં ચાલતા નાના-મોટા તમામ પ્રોજેક્ટની માહિતી એક ક્લિકમાં ઉપલબ્ધ થાય તે માટે સોફ્ટવેર-ડેશબોર્ડ તૈયાર કરવામાં આવશે, તેના પ્રોગ્રેસ, ડેઇલી રીપોર્ટીંગ, ડિજીટલ એનાલીસીસ અને સુપરવિઝન ગોઠવવામાં આવશે.આ વોર રૂમ સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટની કામગીરી હાલ ઝડપી ગતિએ ચાલુ છે અને ટૂંક સમયમાં વોર રૂમ કાર્યરત થઈ જશે.

### સામાજિક શૈક્ષણિક અને સહકારી ક્ષેત્રે જેમનું યોગદાન રહ્યું તેવા

# સ્વ .પ્રવીણસિંહ( સોળીયા ) જીવન આધારિત ગ્રંથ 'વિરલ વ્યક્તિત્વ'નું રવિવારે વિમોચન



## શ્રી હરભમજી રાજ ગરાસીયા છાત્રાલય ખાતે સાધુ-સંતો, રાજવી પરિવાર અને સામાજિક- રાજકીય અગ્રણીની ઉપસ્થિતિમાં ભવ્ય કાર્યક્રમ

રાજકોટ, તા. ૭
શહેરના રજપુત પરા સ્થિત શ્રી હરભમજીરાજ ગરાસીયા બોર્ડિંગ ખાતે તા. ૯ ને રવિવારે સવારે ૧૦:૦૦ કલાકે સામાજિક, શૈક્ષણિક અને સહકારી ક્ષેત્રે જેમનું પાંચ પાંચ દાયકાઓ સુધી યોગદાન રહ્યું છે એવા જાણીતા શિક્ષણ શાસ્ત્રી સ્વ પ્રવિણસિંહ જાડેજા (સોળીયા) ના જીવન કવન અને આવરી લેતા ગ્રંથ ''વિરલ વ્યક્તિત્વ''નું સાધુ - સંતો,રાજવી અને સામાજિક - રાજકીય અગ્રણીઓની ઉપસ્થિતિમાં વિમોચન કરવા જઈ રહ્યું છે.

વધુ વિગત મુજબ કોટડા સાંગાણી તાલુકાના સોળિયા ગામના વતની અને રાજકોટની પોતાની કર્મભૂમિ બનાવનાર પ્રવિણસિંહજી ઉમેદસિંહજી જાડેજા એ પોલીસ બેડામાં કારકિર્દીની શરૂઆત કરી હતી. બાદ હાઈસ્કૂલમાં અંગ્રેજી શિક્ષક તરીકે નોકરીનો પ્રારંભ કર્યો હતો.સાથે સાથે રાજકોટની શ્રી હરભમજી રાજ ગરાસીયા છાત્રાલય ખાતે લાંબો સમય સુધી સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવી ક્ષત્રિય સમાજના અનેક યુવાનોના જીવનનું ઘડતર કર્યું છે. રાજકીય ક્ષેત્રે તાલુકા પંચાયતના પ્રમુખ અને જિલ્લા પંચાયતના સભ્ય તરીકે પ્રતિનિધિત્વ કર્યું હતું.તેમજ સહકારી ક્ષેત્રની જમીન વિકાસ બેંકમાં લાંબો સમય સુધી તેઓએ સેવાઓ આપી અને સાથે સાથે જીવનના અનેક ચડાવ ઉતાર વચ્ચે નિષ્ઠા, નિર્ભય અને પ્રમાણિક પણે કાર્યો કરનાર સ્વ. પ્રવિણસિંહ ઉમેદસિંહ જાડેજા જીવન કવન ને આવરી લેતા ગ્રંથ ''વિરલ વ્યક્તિત્વ''નું ગ્રંથનું વિમોચન મુંજકા આર્ષ વિદ્યામંદિરના સંત સ્વામી પરમાત્માનંદજી સરસ્વતીના હસ્તે કરવામાં આવશે.

શ્રી હરભમજીરાજ ગરાસીયા છાત્રાલયના પ્રમુખ અને રાજકોટના ઠાકોર સાહેબ માંધાતાસિંહજી જાડેજાના અધ્યક્ષ સ્થાને યોજનારા વિમોચન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે રાજ્યસભા સાંસદ શક્તિસિંહજી ગોહિલ અને મહારાજા કેસરીદેવસિંહ સાહેબ ઓફ વાંકાનેર ખાસ ઉપસ્થિત રહેશે ,અતિથિ વિશેષ તરીકે પૂર્વ સાંસદ રાજેન્દ્ર રાણા, પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહજી (હકુભા) જાડેજા ,જેએમજે ગ્રુપના મયુરધ્વજસિંહ જાડેજા , તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ પૃથ્વીસિંહજી (''ઘોઘુભા'') જાડેજા, હરભમજી રાજ ગરાસીયા છાત્રાલય ના ટ્રસ્ટી હરદેવસિંહજી રાઓલ ,ઉદ્યોગપતિ અને દાતા અજીતસિંહજી જાડેજા, સયાજી હોટલ વાળા દિગ્વિજયસિંહજી જાડેજા સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેશે આ કાર્યક્રમમા સમાજના ભાઈ બહેનોએ ઉપસ્થિત રહેવા હરભમજીરાજ ગરાસીયા છાત્રાલય ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ કાર્યવાહી સમિતિ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

હત્યાની વધુ એક ઘટનાનો પર્દાફાશ કરવામાં પોલીસને મળી સફળતા

# ખરાબ નજર કરતો હોવાની શંકાએ ઢાળી દેવાયો

## મજૂરની માથામાં ઇંટોના ઘા ફટકારી ક્રુર હત્યામાં સૌકતઅલીને પકડી લેવાયોઃ તેની પત્નિ, દિકરીઓની મૃતક છડતી કરતો હોવાની શંકાએ ખેલાયો હતો ખૂની ખેલ

રાજકોટ, તા. ૭
હત્યાની વધુ એક ઘટના સામે આવી હતી. જેનો ભેદ પોલીસે ઉકેલી નાંખ્યો છે. પત્નિ, દિકરીઓ પર ખરાબ નજર નાખતો હોવાની શંકાને કારણે હત્યા થયાનું ખુલ્યું છે. હત્યાનો ભોગ બનનારે ઝપાઝપી વખતે આરોપીના શરીરે બટકા ભરી લીધા હતાં. આ બટકા ભર્યાના નિશાનને કારણે આરોપી સુધી પોલીસ પહોંચી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો સુરત શહેરમાં થયેલી એક હત્યાના રહસ્યને સુરત ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના કલાકોમાં ઉકેલી કાઢ્યું છે. આ કેસમાં પોલીસને આરોપી સુધી પહોંચવા માટે કોઈ મોટા પુરાવા નહીં પરંતુ મૃતકે ઝપાઝપી દરમિયાન આરોપીના શરીર પર ભરેલા બચકાંના નિશાન નિર્ણાયક સાબિત થયા હતા. જેના કારણે આરોપી સુધી ક્રાઈમ બ્રાન્ચ પહોંચી હતી. આરોપીને શંકા હતી કે મૃતક તેની પત્નિ અને દીકરીઓ પર ખરાબ નજર રાખી રહ્યો છે. શંકાના આધારે તેણે હત્યા કરી નાખી હતી. ફરિયાદી અર્જૂન સંગાડાના ભત્રીજા રાજુ વજેસિંગ રંગાડા બડેખા ચકલા વિસ્તારમાં કાલુ ડભોયાના બિલ્ડિંગના ધાબા પર પતરાના શેકમાં એકલા રહેતા હતા. કોઇ અજાણ્યા શખસે કોઇ અગમ્ય કારણોસર રાજુ સંગાડા પર હુમલો કર્યો હતો. હુમલાખોરે રૂમમાં પડેલા સિમેન્ટ સાથે જોડાયેલી ઇંટના ટુકડા વડે રાજુ સંગાડાને માથાના ભાગે આશરે બાર જેટલી ગંભીર ઈજાઓ પહોંચાડી તેમનું મોત નીપજ્યાવું હતું અને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ કેસમાં સ્થાનિક અઠવા પોલીસ સાથે ક્રાઈમ બ્રાન્ચની આર્મ્સ સ્કોડની ટીમ સક્રિય બની હતી. ગુનાસ્થળની ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી હતી. ટીમે ટેકિન્કલ સર્વેલન્સના આધારે આરોપીને ટ્રેક કરવાનો -યાસ કર્યો હતો. શરૂઆતની તપાસમાં જ પોલીસને શંકા ગઈ હતી કે, આ ગંભીર ગુનો બિલ્ડિંગમાં જ રહેતા કોઈ વ્યક્તિએ આચર્યો હોવો જોઇએ. જેના પગલે ક્રાઈમ બ્રાન્ચે બિલ્ડિંગના તમામ રહેવાસીઓ પર ખાનગી રાહે વોચ રાખવાનું શરૂ કર્યું હતું.



તપાસ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઇ વિશાલ ધનગડને એક મહત્ત્વપૂર્ણ બાતમી મળી હતી. બાતમીદાર દ્વારા સંકેત આપવામાં આવ્યો હતો કે, હત્યામાં બિલ્ડિંગમાં ત્રીજા માળે રહેતા સૌકતઅલી નિશારઅલી સૈયદ જે એકતાલીસ વર્ષનો છે તેની સંડોવણી હોઈ શકે છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે સૌકતઅલી સૈયદને પકડી તેની પૂછપરછ શરૂ કરી. આ દરમિયાન સૌકતઅલીની બારીકાઈથી તપાસ કરતા પોલીસને તેના શરીર પર દાંત વડે થયેલી ઈજાના નિશાન મળી આવ્યા હતા. આ નિશાન તેના ડાબા હાથ અને પીઠ ઉપર જમણી બાજુ સ્પષ્ટ જોઈ શકાતા હતા. ઉપરાંત તેના બંને હાથની કોણી અને ગળા ઉપર પણ સામાન્ય ઈજાના નિશાન હતા.

આ પછી તેને ઉઠાવી લીધો હતો. પોલીસ અધિકારીઓએ તરત જ સમજી લીધું કે, આ નિશાન હત્યાનો વિરોધ કરતી વખતે મૃતક રાજુ દ્વારા ભરેલા બચકાંના છે. આ બચકાંના નિશાન પોલીસ માટે સૌથી મોટો અને નક્કર પુરાવો બની ગયા. શંકા મજબૂત થતા પોલીસે પોતાની આગવી ઢબે પૂછપરછનું ચક્ર ઝડપી બનાવ્યું, જેના પરિણામે આરોપી સૌકતઅલી સૈયદે આખરે ખુદ આ હત્યા કરી હોવાની કબૂલાત કરી લીધી. ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી ભાવેશ રોઝિયાએ જણાવ્યું હતું કે સૌકતઅલી બિલ્ડિંગના ત્રીજા માળે રહેતો હતો. જ્યારે મૃતક રાજુ તેની ઉપરના એટલે કે ચોથા માળે રહેતો હતો. આરોપીને પહેલાંથી જ શંકા હતી કે રાજુ દાદર ચઢતા-ઉતરતા તેના ઘરમાં નજર નાખતો હતો.

સૌકતઅલીના ઘરમાં તેની પત્ની અને બે દીકરી રહેતી હોવાથી તેને લાગતું હતું કે, મૃતક ખરાબ નજરથી તેઓને જોઈ રહ્યો છે. આ શંકાએ ધીમે ધીમે ગુસ્સાનું સ્વરૂપ લીધું અને બનાવની રાત્રિના આશરે દોઢેક વાગ્યાના સુમારે સૌકતઅલી ટેરેસ ઉપર ગયો અને ઝગડો કર્યા બાદ હત્યા કરી હતી. આરોપી અને મૃતક વચ્ચે ઝપાઝપી થઈ હતી અને આ દરમિયાન જીવ બચાવવાના -યાસમાં મૃતક રાજુએ આરોપી સૌકતઅલીને બે જગ્યાએ બચકાં ભર્યા હતા. જેના નિશાન તપાસ દરમિયાન મળી આવ્યા હતા. મૃતકના બચકાંથી સૌકતઅલીનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો અને તેણે ત્યાં પડેલી ઈંટના ટુકડા વડે રાજુને આડેધડ ઘા મારવાનું શરૂ કર્યું હતું. ગંભીર ઈજાઓને કારણે રાજુ લોહીલુહાણ થઈને ત્યાં જ ઢળી પડ્યો હતો. આ જોતાં, સૌકતઅલી સૈયદ પોતાની રૂમમાં જઈને છુપાઈ ગયો હતો. જો કે પોલીસે અંતે તેને દબોચી લઇ ભેદ ઉકેલી કાઢ્યો હતો.

---

મવડીનો યુવાન મિત્રો સાથે ડેમમાં ન્હાવા ગયો ને ડૂબી ગયો : વિજય પ્લોટનો યુવાન મિત્ર સાથે બાઇકમાં ચક્કર મારવા નીકળ્યો અને જીવલેણ અકસ્માત નડ્યો

# જળ-અકસ્માતની ઘાત : બે પરિવારે ગુમાવ્યા યુવાન કંધોતર

## ત્રીજી કરૂણ ઘટનામાં વિજકરણ વેરી બન્યોઃ યુવાનની જિંદગીનો અંત

રાજકોટ, તા. ૭
જળઘાત અને વાહન અકસ્માતની ઘાત બે યુવાનને નડી ગઇ હતી. બંને યુવાનના મૃત્યુથી તેમના પરિવારોમાં શોકની કાલીમા છવાઇ ગઇ છે. વીસ વર્ષનો યુવાન મિત્રો સાથે આજીડેમમાં ન્હાવા જતાં ડૂબી જવાથી મોત થયું છે. તો બીજી તરફ ઓગણીસ વર્ષનો યુવાન મિત્ર સાથે બાઇક લઇ ચક્કર મારવા નીકળ્યો ત્યારે બાઇક સ્લીપ થઇ જવાથી ગંભીર ઇજા થતાં તેનું મોત થયું હતું. આ બંને ઘટનામાં મવડી વિનાયકનગરના અને વિજય પ્લોટમાં રહેતાં પરિવારોએ યુવાન અને આધારસ્તંભ દિકરા ગુમાવી દીધા હતાં. અપમૃત્યુની અન્ય ઘટનામાં વિજકરંટની ઘાત એક યુવાનને નડી ગઇ હતી. કંપનીમાં હતો ત્યારે આ યુવાનને સ્વીચબોર્ડમાંથી જોરદાર કરંટ લાગતાં તેનો જીવ નીકળી ગયો હતો.

કરૂણ ઘટનાઓ પર નજર કરીએ તો શહેરના મવડી પ્લોટ વિનાયકનગરમાં રહેતો મુળ યુપીનો વીસ વર્ષનો યુવાન મિત્રો સાથે આજીડેમે ન્હાવા ગયો ત્યારે ડૂબી જતાં કરૂણ મોત થયું છે. કલર કામની મજૂરી કરતો યુવાન રાજકોટના જ ત્રણ મિત્રો સાથે કંપનીમાં કામ પુરૂ કરી બાદમાં ન્હાવા માટે ગયો ત્યારે આ બનાવ બન્યો હતો. મવડી પ્લોટ વિનાયકનગર-૧૦માં રહેતો બ્રિજેશ પુરૂષોત્તમ રાય નામનો યુવાન આજીડેમમાં ડૂબી જતાં મોત થયું હતું. બ્રિજેશ કંપનીમાં કલર કામની મજૂરી કરતો હતો. તે ચાર ભાઇ અને એક બહેનમાં નાનો હતો. તેના મોટા ભાઇ રાજકોટમાં અલગ રહે છે. તેના કહેવા મુજબ બ્રિજેશ રાજકોટના તેના ત્રણ મિત્રો સાથે કામ પુરૂ કર્યા બાદ આજીડેમે ન્હાવા ગયો



હતો. ચારેય મિત્રો ન્હાતા હતાં ત્યારે બ્રિજેશ ઉંડા પાણીમાં ગરક થઇ જતાં મિત્રોએ ફાયર બ્રિગેડને, પોલીસને અને પોતાને જાણ કરી હતી. ફાયર બ્રિગેડના તરવૈયાઓએ શોધખોળ કરી બ્રિજેશને બેભાન હાલતમાં બહાર કાઢ્યો હતો. તેને ૧૦૮ના ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો. યુવાનના મૃત્યુથી પરિવારજનો, મિત્રોમાં શોક છવાઇ ગયો હતો. આજીડેમ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

બીજી ઘટના જોઇએ તો બાઇકને નડેલો અકસ્માત વધુ એક વખત જીવલેણ સાબીત થયો હતો. હેમુ ગઢવી હોલ નજીક મોડી રાતે બાઇક સ્લીપ થઇ જતાં વિજય પ્લોટમાં રહેતો યુવાન અને તેનો મિત્ર ફંગોળાઇ ગયા હતાં. જેમાં યુવાનનું મોત થયું હતું અને તેના મિત્રનો નજીવી ઇજા સાથે બચાવ થયો હતો. વિજય પ્લોટ શેરી નં. ૨૮માં રહેતો રાજન સુરેશભાઇ ઠાકોર નામનો ઓગણીસ વર્ષનો યુવાન બાઇકમાં મિત્રને બેસાડી ઘરેથી ચક્કર મારવા નીકળ્યો હતો. એકાદ વાગ્યા આસપાસ હેમુ ગઢવી હોલ નજીક તેનું બાઇક સ્લીપ થઇ જતાં તેને ગંભીર ઇજા થઇ હતી. તેના મિત્રનો સામાન્ય ઇજા સાથે બચાવ થયો હતો. રાજનને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

જો કે અહિ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થતાં પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો. વધુ માહિતી અનુસાર મૃત્યુ પામનાર રાજન ઘર નજીક જ આવેલા કારખાનામાં કામ કરતો હતો. રાજન બે ભાઇમાં મોટો હતો અને પરિવારનો આધારસ્તંભ હતો. તેના પિતા બિમાર રહેતાં હોઇ નિવૃત જીવન જીવે છે. આધારસ્તંભ યુવાન દિકરાના મૃત્યુથી ઠાકોર-કોળી પરિવારજનો શોકમાં ગરક થઇ ગયા છે. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ હુદડે જાણ કરતાં એ-ડિવીઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

ત્રીજા અપમૃત્યુના બનાવ પર નજર કરીએ તો કાલાવડના નિકાવામાં આવેલી કંપનીમાં કામ કરતાં મુળ બંગાળના યુવાનને વિજકરંટ લાગી જતાં મોત થયું છે. નીકાવામાં આવેલી કોમેટ પોલી પ્લાસ્ટ નામની કંપનીમાં કામ કરતો અને ત્યાં જ રહેતો મુળ પશ્ચિમ બંગાળનો બાસુદેવ નારાયણપરી બારીક નામનો બત્રીસ વર્ષનો યુવાન કંપનીમાં હતો ત્યારે સ્વીચ બોર્ડમાંથી કરંટ લાગતાં બેભાન થઇ જતાં કાલાવડ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ સારવાર કારગત નીવડી નહોતી. હોસ્પિટલ પોલીસ ચોકી મારફત કાલાવડ પોલીસને જાણ કરાઇ હતી. મૃત્યુ પામનાર બે ભાઇ અને બે બહેનમાં બીજો હતો. અહિ છ વર્ષથી રહી કામ કરતો હતો. તેને સંતાનમાં એક દિકરી છે. બનાવને પગલે સાથી કર્મચારીઓ, પરિવારજનોમાં શોક વ્યાપી ગયો હતો.

---

મોજીલા રંગીલા રાજકોટમાં દારૂની સાથે માદક પદાર્થોના બંધાણીઓ પણ વધ્યા!

# ત્રિપુટી ગાંજા સાથે ઝડપાઇઃ સુરત કનેક્શન

## રાજકોટના બે રિક્ષાચાલક અને ગોંડલનો વાળંદકામનો કારીગર પૈસા કમાવવા સુરતથી અડધા લાખનો ગાંજો લાવ્યા : પડીકીઓ બનાવી બંધાણીઓને વેંચે એ પહેલા પ્રધુમનનગર પોલીસે રેલનગરમાંથી દબોચી લીધા

રાજકોટ, તા. ૭
રંગીલા મોજીલા રાજકોટમાં અનેક એવા બંધાણીઓ છે જે દારૂ ઢીંચી રહ્યા છે. કાયદેસરની પરમીટથી પીવાવાળા છે તો ગેરકાયદેસર રીતે બૂટલેગરો પાસેથી મોંઘો અને જેવો મળે એવો દારૂ લઇને પીવાવાળા પણ અનેક છે. જો કે માત્ર દારૂનો નશો કરવાવાળા જ નહિ હવે તો માદક પદાર્થના બંધાણીઓ પણ વધી રહ્યા છે. યુવાનો ટીનેજર્સ અને અમુક બીજા લોકો માદક પદાર્થ પીવાના રવાડે ચડ્યા છે. ગાંજો, ચરસ, બ્રાઉન સ્યુગર, મેફેડ્રોન સહિતના માદક પદાર્થોની હેરાફેરી વધી ગઇ છે. અવાર-નવાર આવી હેરાફેરીનો પર્દાફાશ શહેર એસઓજી અને શહેર પોલીસ દ્વારા થાય છે. તાજેતરમાં શહેર એસઓજીની ટીમે એક શખ્સને ગાંજાના જથ્થા સાથે પકડ્યો હતો. તેના ભાગીદારનું નામ ખુલ્યું હતું. ત્યાં હવે પ્રધુમનનગર પોલીસે ત્રણ શખ્સોને ગાંજા સાથે પકડી લીધા છે. આ વખતે પણ ગાંજા અને સુરતનું કનેકશન ખુલ્યું છે. અગાઉ પણ અનેક વખત ગાંજા સહિતના પદાર્થ સુરતથી આવ્યાનું ખુલ્યું હતું. ત્રણ મિત્રો જેમાં બે રાજકોટના અને એક ગોંડલનો છે તેણે સુરતથી ગાંજો તો મંગાવી લીધો હતો. પરંતુ પડીકીઓ બનાવી બંધાણીઓ સુધી પહોંચાડે એ પહેલા પોલીસે ત્રણેયને પકડી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો વધુ એક વખત પોલીસે ગાંજાની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. તાજેતરમાં એસઓજીએ નાના મવા રોડ



આવાસ ક્વાર્ટરના ગેઇટ પાસેથી શાહરૂખ નામના શખ્સને ગાંજા સાથે પકડ્યો હતો તેમાં તેના ભાગીદારનું નામ ખુલ્યું હતું. દરમિયાન હવે પ્રધ્યુમનનગર પોલીસે રેલનગર લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપ સામેના પટમાં દરોડો પાડી ત્રણ મિત્રોને અડધા લાખના ગાંજા સાથે ઝડપી લીધા છે. સુરતથી આ ગાંજો લાવી પડીકીઓ બનાવી છુટક છુટક વેંચવાના હતાં. જો કે આ ત્રણેયનો ઇરાદો બર આવ્યો નહોતો. કારણ કે પોલીસ આવી ગઇ હતી અને ત્રણેયને દબોચી લીધા હતાં. યુવાધન નશાના રવાડે ન ચડે એ માટે નાર્કોટીક્સ પદાર્થનું વેંચાણ અટકાવવા 'સે નો ટુ ડ્રગ્સ' ઝુંબેશ ચાલી રહી છે.

આ ઝુંબેશ અંતર્ગત પ્રધ્યુમનનગર પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ. તૌફિકભાઇ મંધરા અને ચાંપરાજભાઇ ખવડને બાતમી મળી હતી. તેના આધારે રેલનગર લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપ નજીક પટમાં દરોડો પાડી ત્રણ શખ્સોને ગાંજા સાથે પકડી લીધા હતાં. એફએસએલ અધિકારી મારફત પરિક્ષણ કરાવ્યા બાદ પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી રૂા. ૫૫૪૦૦નો ૧.૧૦૮ કિલોગ્રામ ગાંજો કબ્જે કર્યો હતો. તેમજ સાત હજારના બે મોબાઇલ જપ્ત કર્યા હતાં. ઝડપાયેલા શખ્સોની પુછતાછ થતાં પોતાના નામ જયદિપ અરવિંદભાઇ સિતાપરા (સંતોષીનગર-૭, રેલનગર), મિલન ધીરેન્દ્રભાઇ જોટંગીયા (ભોજરાજપરા, કુંભારવાડા, મામાદેવ મંદિર પાસે વોરાકોટડા રોડ-ગોંડલ) અને રણજીત છગનભાઇ ચૌહાણ (સંતોષીનગર, ઠાકરબાપાના મંદિરવાળી શેરી, રેલનગર) જણાવ્યા હતાં.

ઝડપાયેલા આ ત્રણ શખ્સોમાં જયદિપ એકવીસ વર્ષનો, મિલન એકવીસ પચ્ચીસ અને રણજીત પચ્ચીસ વર્ષનો છે. જેમાં જયદિપ અને રણજીત રિક્ષા હંકારે છે અને મિલન વાળંદ કામ કરે છે. ત્રણેય મિત્રોને પૈસાની જરૂર હોઇ ગાંજો વેંચવાનું નક્કી કરી સુરતથી લાવ્યા હતાં અને પડીકીઓ બનાવી વેંચવા નીકળવા હોવાનું રટણ કર્યું હતું. જો કે તે ગાંજો કોના મારફત લાવ્યા, અગાઉ આવી ખેપ મારી છે કે કેમ? તેની તપાસ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનિય છે કે અગાઉ પણ અનેક વખત ગાંજો પકડાયો ત્યારે તેમાં સુરત કનેકશન ખુલ્યું હતું. જેમાં એક વખત રાજકોટ પોલીસે સુરતના સપ્લાયરોને પકડી બાદમાં મસમોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો.

તાજેતરમાં એસઓજીના એએસઆઇ ઇન્દ્રસિંહ જાડેજા અને એએસઆઇ ફિરોઝભાઇ રાઠોડને બાતમી મળતાં નાના મવા સર્કલ પાસે આવેલા આરએમસી ક્વાર્ટરના ગેઇટ પાસેથી એક શખ્સને ગાંજા સાથે ઝડપી લીધો હતો. એફએસએલ અધિકારી સમીર જોષીને બોલાવી પદાર્થનું પરિક્ષણ કરાવ્યું હતું. વજન કરતાં ૧ કિલો ૩૫૫ ગ્રામ થયો હતો. તેની કિંમત રૂા. ૬૭૭૫૦ ગણી જપ્ત કરી શાહરૂખ કાસમભાઇ જુણાચને પકડી લઇ તાલુકા પોલીસમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો. શાહરૂખની પુછતાછ થતાં તેણે પોતાને આ ગાંજો તેની નજીકના જ આવાસ ક્વાર્ટરમાં રહેતાં અસલમ ભીખુભાઇ સમાએ આપ્યો હોવાનું કબુલતાં અસલમની શોધખોળ હજુ થઇ રહી છે.

આ દરમિયાન હવે પ્ર.નગર પોલીસે ત્રણ મિત્રોને ગાંજા સાથે પકડ્યા છે. આ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઇ, એસીપી રાધિકા ભારાઇના માર્ગદર્શન હેઠળ પદ્યુમનનગર પોલીસ સ્ટેશનના ઇન્સ. વી.આર. વસાવા, પીએસઆઇ જે. બી. રાણીંગા, હેડકોન્સ. મયુરરાજસિંહ જાડેજા, જે. એલ. વાવડીયા, કોન્સ. ચાંપરાજભાઇ ખવડ, તૌફિકભાઇ મંધરા, વનરાજભાઇ બોરીચા, વિરેન્દ્રસિંહ પરમાર, જયપાલસિંહ ઝાલા, તૌફિકભાઇ જુણાચ અને ધર્મેશભાઇ મોણપરાએ આ કામગીરી કરી હતી. સુરતના સપ્લાયર કોણ છે? તેની તપાસ હવે પછી થશે. ઝડપાયેલા ત્રણેય પહેલી જ વખત સુરતથી ગાંજો લાવ્યા કે અગાઉ પણ હેરાફેરી કરી છે? તે સહિતની વિગતો હવે પછી બહાર આવશે.

# ત્રણ યુવતીઓ ગૂમ થતા દોડધામ

### કુવાડવા રોડ અને તાલુકા પોલીસ દ્વારા શોધખોળ શરુ

રાજકોટ, તા. ૭
તાલુકાના આણંદપર ગામેથી એક પરિણીતા અને યુવતી તેમજ શહેરના ઢેબર રોડ પરથી એક યુવતી કોઈને કોઈને કહ્યા વગર ગૂમ થઇ ગયાની પોલીસ મથકોમાં વાલીઓએ જાણ કરી છે.

મળતી વિગતો મુજબ ટંકારા તાલુકાના ગજડી ગામે રહેતા રોનાકભાઈ ભરતભાઈ જારીયાએ તેમના પરિવારમાંથી ધો.૧૦ ભણેલી અને ૨૦ વર્ષની રાજવીબેન રાજકોટ તાલુકાના નવાપર આણંદપર ગામેથી ગૂમ થયાની કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં જાણ કરી છે.

નવાગામ આણંદપર ગામે પટેલ વિહાર પાછળ રહેલા શાંતુભાઈ હકાભાઇ ખાચરે પોતાના પત્ની મનહરબેન(ઉ.૩૯) કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયા ની કુવાડવા રોડ પોલીસમાં જાણ કરી છે.

જ્યારે ત્રીજા બનાવમાં શહેરના ઢેબર રોડ પર, બજાજના શોરૂમ પાછળ રહેતા ફરીદાબેન સિકંદરભાઈ મકરાણીએ તેમની ૨૨ વર્ષની પુત્રી સુજાનબેન ગત ૪થી નવેમ્બરે કહ્યા વગરના ચાલ્યા ગયાની તાલુકા પોલીસમાં જાણ કરી છે.

આ અંગે ફરીદાબેને રાજકોટ મિરરને જણાવ્યું હતું કે પોતે ડાઈવોર્શી છે અને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પરિવારમાં કોઈની સાથે ઝગડો થયો નથી કે કોઈ કંકાસ પણ નથી. ગૂમ થનાર પુત્રી સંતાનમાં મોટી હોવાનું જણાવ્યું હતું.

આમ, આણંદપર્માંથી પરિણીતા અને યુવતી તેમજ શહેરમાંથી યુવતી એમ ગૂમ થવાના ત્રણ બનાવો નોંધાતા ત્રણેય પરિવારના વાલીઓમાં દોડધામ વચ્ચે કુવાડવા રોડ અને તાલુકા પોલીસે ગૂમ થયેલા ત્રણેયની શોધખોળ આદરી છે.

---

દૂષ્કર્મના કેસમાં ફસાવવાની અને સમાજમાં બદનામ કરવાની ધમકીઓ દીધી

# કોન્ટ્રાક્ટરે કાકાજીને બ્લેકમેઈલ કરી નાણા પડાવ્યા

## ન્યુડ ફોટા વાયરલ કરવાની ધમકી દઇ પાંચ લાખ કટકટકાવી લીધા પછી દસ કરોડ માંગ્યાઃ સતત ત્રાસ વધી જતાં અંતે ત્રણ સામે એફઆઈઆર દાખલ કરાવાઇ

રાજકોટ, તા. ૭
ઘણીવાર બ્લેકમેઇલીંગ કરી ખંડણી પડાવવાના કિસ્સા બનતાં હોય છે. હનીટ્રેપ ગોઠવી જે તે વ્યક્તિને ફસાવી પૈસા પડાવાતા હોય છે. પરંતુ ઘણીવાર આવા કિસ્સામાં જાણીતા જ ઘા કરી જતાં હોય છે. એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક કોન્ટ્રાક્ટરને તેના જ ભત્રીજા જમાઇએ બ્લેકમેઇલ કરી દસ કરોડ માંગાય હતાં. પોતાના બે મિત્રો સાથે મળી મહિલા સાથેના કાકાજી સસરાના ન્યુડ ફોટા વાયરલ કરી બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી પાંચ લાખ તો પડાવી પણ લીધા હતાં. વધુ દસ કરોડ માંગવામાં આવતાં અંતે કોન્ટ્રાક્ટરે પોલીસની મદદ લેવાનું નક્કી કર્યુ હતું. પોલીસે તેના ભત્રીજા જમાઇ સહિતના સામે કાર્યવાહી હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો ઘટના સુરતની છે. સંબંધોને લજાવતો એક કિસ્સો સામે આવ્યો છે જેમાં કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા કાકાજી સસરાને તેમના જ ભત્રીજીના પતિ અને તેના બે સાથીદારોએ નિશાન બનાવ્યા હતા. આ ગેંગે કાકાજી સસરાને એક મહિલા સાથેના ન્યૂડ ફોટો વાઇરલ કરવાની ધમકી આપી, સાથે જ દુષ્કર્મના ખોટા કેસમાં ફસાવી સમાજમાં બદનામ કરવાનું કાવતરૂ રચીને શરૂઆતમાં બળજબરી પૂર્વક પાંચ લાખ પડાવી લીધા હતા. આરોપી જય ડાંગર સાંસદ મુકેશ દલાલનો પીએ પણ રહી ચૂક્યો છે. તેમજ લોકસભાની ગત ચુંટણમાં તેને મહત્વની જવાબદારી પણ સોંપાઇ હતી.

પોલીસ સુત્રોના કહેવા મુજબ આરોપી જય ડાંગરે તેની પત્નિના મોટા કાકા વરજાંગભાઈ કે જે સિત્તેર વર્ષના છે તેમને બ્લેકમેલ કર્યા હતા. તેણે ગુપ્ત રીતે વરજાંગભાઈની ઓફિસમાં સ્પાય કેમેરા લગાવ્યા હતા. ઓફિસમાં નોકરી કરતી એક મહિલા કર્મચારીને ધમકી આપીને અને બ્લેકમેલ




કરીને, આરોપીઓએ કુલ દસ કરોડ રૂપિયાની માંગણી કરી હતી. આ ગંભીર મામલે મહિલા કર્મચારીએ તુરંત જ ક્રાઈમ બ્રાંચમાં અરજી દાખલ કરી હતી, જેના પગલે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

પોલીસે જણાવ્યું કે કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા કાકાસસરા વરજાંગભાઈ પાસેથી પૈસા પડાવવા ભત્રીજીના જમાઈ જય અને તેના સાગરીતોએ કાવતરું રચ્યું હતું. કાકાજી સસરાના ન્યૂડ મહિલા સાથેના ફોટા વાઇરલ કરવા ઉપરાંત દુષ્કર્મના કેસમાં ફસાવવાના બહાને પાંચ લાખ મેળવી લીધા. આટલેથી ન અટકતાં તેમની લાલચ વધી ગઈ હતી. ફરીથી મોટેપાયે તોડ કરવાની યોજના બનાવી. આ ટોળકીએ ધમકી આપીને અધધ રૂપિયા દસ કરોડની જંગી રકમની માગણી કરી હતી. બ્લેકમેલ દરમિયાન આરોપીઓએ વરજાંગભાઈને છરી-ચપ્પુ બતાવી, ડરાવી-ધમકાવીને ફરિયાદી મહિલા પાસે બળજબરીથી કોરા કાગળો પર લખાણ કરાવ્યું હતું અને અન્ય કાગળોમાં સહીઓ તેમજ અંગૂઠાનાં નિશાન પણ કરાવી લીધાં હતાં.

આમ સતત વધી ગયેલા માનસિક ત્રાસ અને જબરદસ્તીથી આખરે સમગ્ર મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. આખરે જે મહિલા સાથેના ન્યૂડ ફોટો વાઇરલ કરવાની ધમકી આપવામાં આવી રહી હતી તે મહિલાએ જ અડાજણ પોલીસ સ્ટેશનમાં જમાઈ અને તેના બે સાથીદારો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. મહિલાની ફરિયાદના આધારે અડાજણ પોલીસે તરત કાર્યવાહી કરી મુખ્ય આરોપી જય ડાંગર અને તેના અન્ય બે સાથીદારો પ્રશાંત પટેલ અને સ્મિત સહિત ત્રણેય આરોપીની ધરપકડ કરી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપી પ્રશાંત પણ જયની જેમ જ કન્સ્ટ્રક્શન વ્યવસાય સાથે સંકળાયેલો છે, જ્યારે સ્મિત ડાયમંડ વર્કર છે.

આ ત્રણેય આરોપીઓએ સાથે મળીને વરજાંગભાઈ અને મહિલા કર્મચારીને બ્લેકમેલ કર્યા હતા. ક્રાઈમ બ્રાંચની કાર્યવાહી બાદ પોલીસે આ ત્રણેય આરોપીની ધરપકડ કરી છે. નોંધનીય છે કે જય ડાંગર અને તેના પત્નીના પરિવાર વચ્ચે અગાઉથી જ કોઈક પ્રકારનો અણબનાવ હોવાનું સામે આવ્યું છે, જે કદાચ આ કૃત્યનું મૂળ કારણ હોય શકે છે. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

### લાલચની જાળમાં ફસાવી નાણા ઉસેડી લેવાની વધુ બે લાલબત્તી સમાન ઘટના

# જહાન્વીએ લાલચ આપી પડાવ્યા અડતાલીસ લાખ

## ઈન્સ્ટાગ્રામ પર યુવાને રીલ જોઇ સંપર્ક કર્યો અને છેતરાઇ ગયોઃ બીજી ઘટનામાં કેનેડા મોકલવાના નામે યુવાનને સવાચાર લાખનો ચાંદલો

રાજકોટ, તા. ૭

અલગ અલગ રીતે રૂપિયાનું ઓનલાઇન રોકાણ કરી નફો કમાવવાની લાલચ આપી લાખો કરોડો ઉસેડી લેવાની ઘટના રોજીંદી છે. વધુ એક યુવાન સાથે આવુ થયું છે. ઈન્સ્ટાગ્રામ પર જાનવી નામની યુવતિએ આ યુવાનનો સંપર્ક કરી તેને રોકાણ પર નફો આપવાની લાલચ આપી તેનું એકાઉન્ટ ખોલવડાવી શરૂઆતમાં ટીપ્સ આપી થોડો નફો અપાવ્યો હતો. આ પછી લાલચમાં આવી ગયેલા યુવાને કટકે કટકે સડસઠ લાખ ત્રાણુ હજારનું રોકાણ કરી દીધુ હતું. તેની સામે મસમોટો નફો બતાવાતો હતો. પરંતુ આ રકમ પાછી લેવા જતાં માત્ર ઓગણીસ લાખ અપાયા હતાં. બાકીના અડતાલીસ લાખ એક્યાસી હજાર ખાઇ જવાયા હતાં. બીજી ઘટનામાં કેનેડા મોકલવાના નામે સવા ચાર લાખની ઠગાઇ થઇ છે.

ફ્રોડની પ્રથમ ઘટના જોઇએ તો સાયબર ગઠિયાએ વધુ એક અમદાવાદના યુવાનને લાલચની જાળમાં ફસાવી લાખો ઉસેડી લીધા છે. ગોતાના યુવકને રૂપિયાના રોકાણ પર નફો કમાવાની લાલચ આપી હતી અને શેર બજારના રોકાણ માટેની ટિપ્સ આપીને ક્વોટ્સ એકાઉન્ટ બનાવડાવીને તેમાં રૂપિયા નફા સ્વરૂપે દર્શાવવમાં આવતા હતા જે જોવા મળતા હતા. યુવકે ૬૭.૯૩ લાખનું લાખનું રોકાણ કર્યા બાદ રૃપિયા પરત લેવા જતાં રૃા. ૧૯.૧૧ લાખ આપીને રૂપિયા અડતાલીસ લાખ એક્યાસી હજાર. ૪૮.૮૧ લાખની ઠગાઇ કરી હતી. ગોતામાં યુવકે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં અજાણી મહિલા જાનવી શર્મા સામે ફરિયાદ નોંધાવી છે કે યુવકે દસ મહિના પહેલા ઇન્સ્ટાગ્રામ ઉપર જાહેરાત જોઇ હતી.

આ જાહેરાતમા રૂપિયાનું રોકાણ કરવાથી નફો કમાવાની લાલચ આપી હતી અને અલગ અલગ વિડિયો બનાવીને ક્વોર્ટસ પ્લેટફોર્મ




ઇન્વેસ્ટ કરવાની ટીપ્સ આપી હતી. જેને લઇને યુવકે સમયાંતરે ટુકડે ટુકડે યુવકે ૬૭.૯૩ લાખનું લાખનું રોકાણ કર્યું હતું. જો કે રાકાણ કરેલા નાણા ક્વોર્ટસ એકાઉન્ડમાં નફા સ્વરૂપે દર્શાવવામાં આવતા હતા જે જોઇ શકાતા હતા. સાત મહિના પછી યુવક રૃપિયા પરત લેવા જતાં રૂપિયા૧૯.૧૧ લાખ આપીને બાકીના ૪૮.૮૧ લાખની ઠગાઇ કરી લેવાઇ હતી. આમ વધુ એક વખત કમાણીના નામે ઠગાઇ કરી લેવાઇ હતી.

ફ્રોડની અન્ય ઘટના જોઇએ તો કેનેડા મોકલવાના બહાને છાણીના રહીશ પાસેથી સવા ચાર લાખ પડાવી લઇ ભેજાબાજ યુવતીએ પોતાનો મોબાઇલ ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. જે અંગે છાણી પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. છાણી રામા કાકા ડેરી પાસે યોગીનગર ટાઉનશિપમાં રહેતા રાજેશકુમાર બાપુજીભાઇ પેટેલે છાણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે વડોદરામાં મને યોગ્ય મહેનતાણું મળતું નહીં હોવાથી વેબસાઇટ પર કેનેડા જવા માટે એજન્સીઓની તપાસ કરતો હતો. મને પ્રીતિ ચૌહાણ નામની મહિલાએ ફોન કરીને જણાવ્યું હતું કે, હું બ્લુ ટેક વિઝા કન્સલ્ટન્સીમાંથીવાત કરૂ છું તમને કેનેડાના વિઝામાં રસ છે ? તેમ પુછતાં મેં હા પાડી હતી.

પરંતુ સાથે સાથે મેં કહ્યું હતું કે મારી પાસે હમણા પૈસા નથી. ત્યારે તેણે કહ્યું કે હમણા પૈસા આપવાની જરૂર નથી. તમે કેનેડા પહોંચી જાવ પછી તમારા પગારમાંથી રૂપિયા કપાઇ જશે. મેં પ્રીતિ ચૌહાણને મારા દસ્તાવેજો મોકલી આપ્યા હતા. બે દિવસ પછી મને કેનેડાના નંબર પરથી કોલ આવ્યો હતો અને મારો ઇન્ટરવ્યૂ લીધો હતો. થોડા દિવસ પછી પ્રીીતિએ મને કોલ કરીને કહ્યું કે, કાકા તમારું સિલેક્શન થઇ ગયું છે. ત્યારબાદ ડોક્યુમેન્ટ્સ વેરિફિકેશન, એમ્બસીની ફી, બેંક એકાઉન્ટ ખોલાવવા, બાયો મેટ્રિક, ટિકિટના બહાને મને સમજાવી મારી પાસેથી કુલ રૂપિયા ૪.૨૫ લાખ પડાવી લીધા હતા. ત્યારબાદ -ીતિ ચૌહાણે મોબાઇલ ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. છાણી પોલીસે પ્રીતિ ચૌહાણ, પ્રાચી રાજપૂત, મસ્તાનસિંગ તથા યાસિન સામે ગુનો દાખલ કરી ચારેયની શોધખોળ શરૂ કરી છે.

---

### કેસીનોની જેમ અલગ અલગ ગોળાકાર ટેબલો પર બેસાડાતા હતાં ખેલીઓને

# નિવૃત પોલીસ કર્મીના જુગારધામમાં દરોડો

## પોલીસે બાર પત્તાપ્રેમીઓને પકડી લઇ બે લાખ રોકડા મળી કુલ દસ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યોઃ અગાઉ પણ પકડાયુ હતું આવુ જૂગારધામ

રાજકોટ, તા. ૭

જૂગારની પ્રવૃતિઓ પહેલા અમુક તહેવારો પુરતી ચાલતી હતી. પરંતુ હવે તો બારેમાસ આ સીઝન ખીલેલી રહે છે. મોરબી શહેરના લાતી પ્લોટ વિસ્તારમાં નિવૃત પોલીસ કર્મચારી દ્વારા ચાલી રહેલુ જૂગારધામ ઝડપાતા ચકચાર મચી ગઇ છે. લાખોના મુદ્દામાલ રોકડા સાથે પોલીસે એક ડઝન શખ્સોને ઝડપી લીધા હતાં. કેસીનો ટાઇપ જૂગારધામ અહિ ચાલુ રહ્યું હતું. અલગ અલગ ગોળ ટેબલ રાખીને જૂગાર રમાડવામાં આવી રહ્યો હતો. એટલુ જ નહિ કેસીનોની જેમ જૂગારીઓ કે જેને સાથે દારૂ પણ પીવો હોય તો તેના માટે દારૂની વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી!

વિગતો પર નજર કરીએ તો જુગારધામ ચલાવવામાં આવી રહ્યું હોવાની બાતમીને આધારે સીટી એ ડિવિઝન પોલીસે દરોડો પાડતા આધુનિક કેસીનો જેવા જુગારધામમાં બે અલગ અલગ રાઉન્ડ ટેબલ પર જુગાર રમી રહેલા બાર શખ્સોને બે લાખ રોકડા રૂપિયા તેમજ કાર અને બાઈક મળી કુલ રૂપિયા દસ લાખ આડત્રીસ હજારના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન પોલીસને જુગારધામમાંથી વિદેશી દારૂની બે ભરેલી અને ત્રણ અડધી ભરેલી બોટલ પણ મળી આવતા પોલીસે જુગારધારા અને પ્રોહીબિશન એકટ મુજબ કાર્યવાહી કરી હતી. મોરબી શહેરમાં લાતી પ્લોટ શેરી નંબર ૧ અને ૨ની વચ્ચે આવેલ ઓફિસમાં પહેલા માળે આરોપી પી.પી.ઠાકર ઉર્ફે પ્રિયદર્શન પૂર્ણશંકર ઠાકર જુગારધામ ચલાવી રહ્યા હોવાની બાતમીને આધારે એ ડિવિઝન પોલીસે દરોડો પાડતા પોલીસ ચોંકી ગઇ હતી.



ઓફિસમાં પહેલા માળેથી અલગ અલગ બે રાઉન્ડ ટેબલ ઉપર જુગાર રમાઇ રહ્યો હતો. પોલીસે આ જૂગારધામમાંથી પ્રિયદર્શન પુર્ણશંકરભાઇ ઠાકર જે નિવૃત પોલીસ કર્મચારી છે અન મોરબી રવાપર રોડ સોમનાથ સોસાયટીમાં રહે છે તેને તથા ભાવેશ જેરામભાઈ અઘારા, રહે.સરવડ ઉમીયાનગર તા.માળીયા, સંજય લક્ષ્મીદાસભાઈ રોજીવાડીયા રહે.મોરબી રવાપર એસ.પી.રોડ, દીલીપ રણછોડભાઈ દેત્રોજા, રહે. રવાપર રોડ તળાવની બાજુમા, મોરબી, ફારૂક દાઉદભાઇ ચાનીયા રહે.લુવાણાપરા, દાણાપીઠ, બલભદ્રસિંહ ઉપેન્દ્રસિંહ જાડેજા, રહે. મોરબી શનાળા રોડ, હાઉસીંગ બોડ, અમીત ગુણવંતભાઈ ગૌસ્વામી, રહે. મોરબી કન્યા છાત્રાલય રોડ, અકબર જુસબભાઈ કટીયા રહે.મોરબી જુના બસસ્ટેન્ડ ઇદ મસ્જીદ પાછળ, સુભાન ઈકબાલભાઈ જેડા, રહે. મોરબી ખ્વાજા પેલેસ વાળી શેરી, જોન્શનગર, જુસબ ગુલમામદભાઇ મોવર રહે. મોરબી જુના બસસ્ટેન્ડ પાછળ ઈદ મસ્જીદ પાસે અન પ્રાણજીવન સવજીભાઈ સંઘાણી રહે.મોરબી કેનાલ રોડ રાધાક્રિષ્ના સોસાયટી તમજ ભરત તળશીભાઇ સાંદેશા રહે.મોરબી મોટી માધાણી શેરી વાળાઓ જુગાર રમતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા.

કેસીનો ટાઇપના આ જૂગારધામમાંથી પોલીસે દરોડા દરમિયાન રોકડા રૂપિયા ૨,૦૮,૨૦૦ તેમજ એક કાર, ૧૧ મોબાઈલ ફોન અને ત્રણ બાઈક મળી કુલ રૂપિયા ૧૦, ૩૮,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, દરોડા દરમીયાન પોલીસને ઓફિસમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૨ આખી ભરેલી સીલબંધ બોટલ તેમજ ત્રણ અર્ધ ભરેલી બોટલ પણ મળી આવતા પોલીસે રૂ.૪૬૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ૧૨ આરોપીઓ વિરૂધ્ધ જુગારધારાની કલમો હેઠળ ગુન્હો દાખલ કરી પી.પી.ઠાકર વિરુદ્ધ પ્રોહીબિશન એકટ મુજબ કાર્યવાહી કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ કેસીનો જેવી આ જુગાર કલબમાં સીસીટીવી કેમેરા અને રિમોટ સંચાલિત દરવાજા હોવાનું પણ સામે આવ્યું છે. આ અગાઉ પણ પોલીસે અહીં દરોડો પાડી જુગારધામ ઝડપી લીધું હતું. ફરી વખત આવુ જ જૂગારધામ ઝડપાતાં ચકચાર જાગી છે.

---

### લોકો કેવા કેવા ગાળીયા પરોવતા હોય છે એ જાણવા જેવું

# વૃધ્ધને છેતરીને મિત્ર ખાઇ ગયો પાંત્રીસ લાખ

## જમીન વેંચીને અથવા ધંધામાં ભાગીદાર બનાવી રકમ પરત આપશે એવુ કહી રોકડા લઇ લીધા પછી હાથ ઉંચા કરી દીધા

રાજકોટ, તા. ૭

ઠગાઇ કરનારા સતત અલગ અલગ નુસ્ખા અજમાવી લેતાં હોય છે. દરમિયાન એક કિસ્સામાં ભાગીદારીમાં જમીનનો ધંધો કરવાના નામે પાંત્રીસ લાખનું ચીટીંગ કરવામાં આવ્યું છે. પહેલા તો ઠગાઇ કરનારે પોતાને હાલ પૈસાની ખુબ જરૂર છે, પોતાની જમીન વેંચાઇ જશે એટલે પૈસા આપી દેશે તેવી ખાત્રી આપી હતી અને બાદમાં ભાગીદારમાં ધંધો કરવાથી જે નફો થાય તેમાંથી રકમ આપી દેશે તેમ કહી પૈસા મેળવી લીધા બાદ ઠગાઇ કરી લીધી હતી.

આ કિસ્સા પર નજર કરીએ ઘટના જામનગરની છે. પરંતુ આ પ્રકારના બનાવો ગામે ગામ વધી ગયા છે. લોકો કેવા કેવા ગાળીયા




પરોવીને ગજવા ભરતા હોય છે તે જોવા જેવુ હોય છે. અહિના સીટી-બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં ત્રેસઠ વર્ષના અશોકકુમાર કૃષ્ણભાઈ સોલંકી કે જેઓ નંદનપાર્ક, રામેશ્વરનગરમાં રહે છે તેમણે ફરીયાદ નોધાવી છે કે તેમને આરોપી પ્રવિણસિંહ ભાઈસાબભા જાડેજા તેના મિત્ર છે. પ્રવિણસિંહએ લલચાવી પોતાને હાલ રૂપિયાની જરૂરીયાત છે અને પોતાની પાસે જમીન જામજોધપુર તાલુકાના બાલવા ગામ તથા જામનગરમાં સાંઢીયા પુલ પાસે દરેડ જીઆઇડીસીની બાજુમાં જમીન આવેલ હોઇ તે વેંચાશે ત્યારે પૈસા આવશે તેમાંથી પૈસા પરત આપી દેશે તેમ કહ્યું હતું. તેમજ પાર્ટનરશીપમા કંઈક ધંધો કરીશુ અને તમે જે પૈસા આપો છો તે રોકાણ જ છે એમ કહી અને મૌખીક પાર્ટનર બનાવી લીધા હતા.

આ રીતે વાતોમાં વિશ્વાસમાં આવી જઇ વૃધ્ધ અશોકકુમારે પાંત્રીસ લાખ જેવી રકમ પ્રવિણસિંહને આપી દીધી હતી. અશોકકુમારએ આરોપી પ્રવિણસિંહને મીત્ર તથા પાર્ટનર સમજી અને ઘર ખર્ચાઓ માટે તથા ખેતીની જમીનના કાગળો તૈયાર કરવા તથા વકીલની ફીના પૈસા ભરવા માટે તેમજ અન્ય જરૂરીયાત પડતા આરોપી પ્રવિણસિંહ દર મહિને ત્રીસ હજાર એમ ટોટલ પાંત્રીસ લાખ પુરા હાથ ઉછીના આપી દીધા હતાં. પરંતુ હવે જ્યારે અશોકકુમારને રૂપિયાની જરૂર હોઇ તેણે મિત્ર પ્રવિણસિંહ પાસે પોતાની રકમ પાછી માંગતા તેણે રૂપિયા આપવાની ના પાડી દીધી હતી. તેમજ પૈસા પરત નથી આપવા અને જમીનના પૈસાથી કઈ ધંધો પણ નથી કરવો અને તમને પાર્ટનર પણ નથી બનાવવા તેવા જવાબો આપી દેતાં પોતાની સાથે ઠગાઇ થયાની ખબર પડતાં ફરિયાદ દાખલ કરાવી હતી. આમ જેને મિત્ર સમજ્યા એ જ લાખોનો ધૂંબો મારી જતાં પોલીસની મદદ લેવી પડી હતી.

---

### દારૂ-જૂગારની પ્રવૃતિ ડામવાની શહેર પોલીસની કામગીરી યથાવત

# કારમાં ‘દેશી’ની હેરફેર કરતો શખ્સ પકડાયો ઓરડીમાં જૂગટુ ખેલવા બેઠેલા સાત પકડાયા

## PCBની ટીમનો કોઠારીયા પાસે અને માલવીયાનગર પોલીસનો લોધેશ્વર સોસાયટીમાં દરોડો

રાજકોટ, તા. ૭

દારૂ જૂગારની પ્રવૃતિઓ ડામવા પોલીસ સતત દરોડા પાડતી રહે છે. વિદેશીની જેમ દેશી પીનારાઓ પણ અનેક હોય છે અને દેશી વેચનારા પણ સતત હેરાફેરી કરતાં રહે છે. દરમિયાન વધુ એક વખત કારમાં દેશી દારૂની હેરાફેરીથતી પકડી પાડવામાં આવી હતી. શહેરના કોઠારિયા ગામ પાસેથી પીસીબીની ટીમે બાતમીના આધારે દરોડો પાડી ચાલીસ હજાર રૂપિયાનો દેશી દારૂ ભરેલી કાર સાથે હિંગોળગઢના શખ્સને પીસીબીની ટીમે પકડ્યો છે. બીજી તરફ જૂગારના દરોડામાં ઓરડીમાંથી સાત શખ્સને પકડી લેવાયા હતાં.

વિગતો જોઇએ તો કોઠારિયા ગામ સરદારનગર ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં દેશી દારૂનો જથ્થો ભરેલી કાર પસાર થવાની હોવાની પીસીબીના હેડ કોન્સ કિરતસિંહ ઝાલા, રાહુલગીરી ગૌસ્વામીને બાતમી મળતા કોઠારિયા ગામ સરદારનગર ઈન્ડસ્ટ્રીયલ એરીયા નારાયણ કાંટા પાસે ખુલ્લા પ્લોટમાં દરોડો પાડી ચાલી હજાર રૂપિયાની કિંમતના ૨૦૦ લીટર દેશી દારૂ ભરેલી વેગનઆર સાથે અરવિંદ દડુભાઇ સાડમીયા ને પકડી લઇ કાર્યવાહી કરી હતી. વીસ વર્ષનો આ શખ્સ વિછીયાના હીંગોળગઢ ગામ નવો પ્લોટ વિસ્તારમાં રહે છે. આ કામગીરી ઇન્ચાર્જ પીઆઇ એમ.આર. ગોંડલીયા, એમ.જે. હુણ ના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ પી.બી. ત્રાજીયા, એ.એસ.આઇ. સંતોષભાઇ મોરી, મયુરભાઇ પાલરીયા, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ધનશ્યામસિંહ ચૌહાણ, હેડ કોન્સ કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, રાહુલગીરી ગૌસ્વામી, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, હિરેન્દ્રસિંહ પરમાર દ્વારા કરવામાં આવી હતી.

બીજી તરફ જૂગારના દરોડામાં શહેરના ગોંડલ રોડ પર લોધેશ્વર સોસાયટીમાં આવેલી એક ઓરડીમાં જુગારધામ ચાલતુ હોવાની બાતમી મળતા માલવીયાનગર પોલીસે દરોડો પાડી સાત શખ્સોને પકડી લઇ કાર્યવાહી કરી હતી. ગોંડલ રોડ પર પી.ડી. એમ. કોલેજની પાછળ આવેલ લોધેશ્વર સોસાયટીમાં એક ઓરડીમાં જુગારધામ ચાલતુ હોવાની બાતમી મળતા માલવીયાનગર પોલીસ મથકના પી.એસ.આઇ. ડી.એસ. ગજેરા, એ.એસસ. આઇ. કેતનભાઇ શેખલીયા, હેડકોન્સ ચીત્રકેતું સિંહ ઝાલા તથા કોન્સ ભાવેશભાઇ ગઢવી સહિતના સ્ટાફે દરોડો પાડ્યો હતો.

પોલીસે તીનપતીનો જુગાર રમતા ભાડુઆત હરેશ વાસુભાઇ કારેલીયા તથા લોધેશ્વર સોસાયટી શેરી નં. ૩ના ધવલ વિનોદભાઇ કારેલીયા, શેરી નં.૭ના વીશાલ મનસુખભાઇ સરવૈયા, સંજય શાંતીલાલભાઇ ઝરીયા, શેરી નં.૬ના રવી અશોકભાઇ ઝરીયા, શેરી નં. ૭ના જયેશ રાજેશભાઇ ઝરીયા અને મવડીચોકડી શકિતનગર શેરી નં. ૪/૬ માં રહેતા સતીષ જોરૂસીંગભાઇ કારેલીયાને પકડી લઇ રૂા. ૧૧,૭૦૦ની રોકડ સહિતની મત્તા કબ્જે કરી હતી. આમ દારૂ જૂગારના દરોડાની કાર્યવાહી યથાવત રહી હતી.

---

### લોન લેવાના નામે યુવતિને પ્રોપર્ટી જોવા બોલાવી તેની સાથે સંપર્ક કર્યો બાદ વિશ્વાસમાં લઇ ફસાવી

# સતત બ્લેકમેઈલીંગ કરી યુવતિ પર દૂષ્કર્મ

## દૂષ્કર્મની સાથે યુવતિના ફોટા, વિડીયો લઇ લીધા તેના આધારે વારંવાર શોષણ કર્યુઃ ઓફિસમાં, વીલામાં અને ઠેકઠેકાણે લઇ જતો હતોઃ ઉદ્યોગપતિ આરોપી સાથે પુર્વ પોલીસ કર્મચારી, ગુજસીટોકમાં સામેલ શખ્સ સામે પણ ફરિયાદમાં આક્ષેપો

રાજકોટ, તા.૭

દૂષ્કર્મની વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં એક યુવતિને બેભાન કરી ઉદ્યોગપતિએ બળજબરી આચરી લીધી છે. યુવતિને પોતાની કાર મારફત એક વીલામાં લઇ જઇ બળજબરી આચરવાની સાથે સાથે તેણીના ફોટા, વિડીયો શુટીંગ લઇ બાદમાં બ્લેકમેઇલ કરવામાં આવ્યાની યુવતિની ફરિયાદને પગલે પોલીસે તપાસનો ધમધમાટ આદર્યો છે.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના જામનગરની છે. જામનગરમાં એક યુવતીએ ઉદ્યોગપતિ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. યુવતીનો આરોપ છે કે, આરોપીએ તેને પોતાની કારમાં એક વિલામાં લઈ જઈને બેભાનીયો પદાર્થ ભેળવેલુ કોલ્ડ્રીંક પીવડાવ્યું હતું અને ત્યારબાદ તેની સાથે દુષ્કર્મ આચર્યું અને તેના ફોટા તેમજ વીડિયો શૂટિંગ કરીને બ્લેકમેલ કરતો હતો. તેમજ આરોપીએ અંબર ચોકડી પાસે આવેલી પોતાની ઓફિસમાં પણ વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. સમગ્ર મામલે સિક્કા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ઘટનાએ સમગ્ર જામનગર પંથકમાં ચકચાર જગાવી દીધી છે. પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ જામનગરના પટેલ કોલોની વિસ્તારમાં રહેતા અને બેડેશ્વર વિસ્તારમાં ઓઇલ મીલ ધરાવતા વિશાલ મહેન્દ્રભાઈ મોદી નામના અગ્રણી ઉદ્યોગપતિ સામે સિક્કા પોલીસ સ્ટેસનમાં એક યુવતીએ પોતાના પર વારંવાર દુષ્કર્મ ગુજાર્યાના અને અંગત વીડિયો ઉતારીને બ્લેકમેલ કરતો હોવાની પોલીસ ફરિયાદ દાખલ કરાવી છે.

પોલીસ ફરિયાદમાં જણાવાયું છે કે આરોપીએ અંબર સિનેમા રોડ પર આવેલી ઓફિસમાં યુવતીને બ્લેકમેલ કરીને અનેક વખત દુષ્કર્મ ગુજાર્યું હતું. આરોપી દ્વારા યુવતી પર શારીરિક-માનસિક ત્રાસ આપતો હોવાથી અંતે કંટાળીને યુવતીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. એફઆઇઆરમાં વધુમાં જણાવાયું છે કે આરોપી વિશાલને લોનની જરૂરિયાત હતી અને તે સંદર્ભે ભોગ બનનાર



મહિલા આરોપી ઉદ્યોગપતિના સંપર્કમાં આવી હતી. ત્યારબાદ બંને વચ્ચે મોબાઈલ પર વાતચીત શરૂ થઈ અને આરોપીએ મહિલા સાથે પરિચય કેળવી વિશ્વાસમાં લીધી હતી.

ત્યારબાદ આરોપી વિશાલ મોદીએ મહિલાને એક પ્રોપર્ટી પર મોર્ગેજ લોન કરાવવાની વાત કરીને પ્રોપર્ટી જોવા માટે બોલાવી હતી. આરોપી પોતાની કાર લઈને ત્યાં પહોંચ્યો હતો અને મહિલાને એક વિલામાં લઈ ગયો હતો. લોન બાબતેની વાતચીત દરમિયાન આરોપીએ યુવતીને કોલ્ડડ્રિંક પીવા આપ્યું હતું. આ કોલ્ડડ્રિંક પીધા બાદ મહિલાનું શરીર ધ્રૂજવા લાગ્યું અને તે બેભાન થઈ ગઈ હતી. આરોપીએ યુવતીની આ સ્થિતિ અને એકલતાનો લાભ લઈ તેની ઈચ્છા અને મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યું હતું. આ દરમિયાન આરોપીએ પોતાના મોબાઈલ ફોનમાં સમગ્ર ઘટના કેદ કરીને વીડિયો ઉતાર્યો હતો. આ પછી ફોટા અને વીડિયોના આધારે આરોપીએ યુવતીને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું હતું. તેણે મહિલાને પોતાની ઓફિસ પાસે બોલાવી વારંવાર દુષ્કર્મ ગુજાર્યું અને શારીરિક-માનસિક ત્રાસ આપ્યો હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ છે.

ચોંકાવનારી વાત એ છે કે આ દૂષ્કર્મની ફરિયાદમાં ગુજસીટોકના આરોપી અને શહેરમાં પોલીસમાં ફરજ બજાવી ચૂકેલા એક પૂર્વ પોલીસ કર્મચારી સહિતના નામોનો ઉલ્લેખ કરાયો છે અને તેઓ વિશાલ મોદીના મિત્ર હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. સમગ્ર મામલે પોલીસ ગંભીરતાથી ડાણપૂર્વક તપાસ કરી રહી છે. ભોગ બનનાર યુવતીએ જણાવ્યું છે કે, આરોપી વિશાલ મોદી ઉદ્યોગપતિ હોવાથી તેના અનેક અસામાજિક તત્વો સાથે સંપર્ક છે અને બધે જ તેના સંબંધો અને લાગવગ છે. તેનો એક મિત્ર જામનગરના ગુજસીટોકના ગુનામાં જેલમાં પણ રહી ચૂક્યો છે.

આ બધા લોકોથી ડરીને તે હિંમત કરી શકી ન હતી અને સતત ડિપ્રેશન તથા પીડામાં રહેતી હતી. આત્મહત્યાના વિચારો આવતા હોવા છતાં પુત્રના ભવિષ્યને કારણે તે આવું પગલું ભરી શકી ન હતી અને આરોપી વિશાલ મોદી તેને બ્લેકમેઇલ કરવાની ધમકી આપી શારીરિક શોષણ કરી રહ્યો હતો. આરોપી ભોગ બનનાર યુવતીને શારીરિક અને માનસિક ત્રાસ આપતો હતો અને કોઈને કહેશે તો જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. અંતે કંટાળીને યુવતીએ સિક્કા પોલીસ સ્ટેશનમાં ઉદ્યોગપતિ વિશાલ મોદી સામે ગુનો નોંધાવ્યો હતો. પોલીસે એફઆઇઆરને આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# લાખાજીરાજ-જ્યુબેલી શાકમાર્કેટના વેપારીઓ રઝળી પડ્યા

## મહાનગરપાલિકાના બાંધકામ શાખાનો અભ્યાસ વગરનો આદેશ વેપારીઓ માટે બન્યો માથાનો દુખાવો





રાજકોટ, તા. ૭

હાલ રાજકોટમાં જાણે બ્યુટીફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવતી હોય તેવું ચિત્ર સામે આવ્યું છે પરંતુ સામે વિભાગોની કામગીરી પણ સૌથી વધુ પ્રશ્ન ઊભા કરનારી છે ત્યારે હાલ લાખાજીરા જે શાક માર્કેટ અને જ્યુબેલી શાક માર્કેટ માટે બાંધકામ શાખા દ્વારા જે આદેશો કરવામાં આવ્યા છે તે જાણે બુદ્ધિનું પ્રદર્શન કર્યું હોય તેવું જણાઈ રહ્યું છે. મળતી માહિતી મુજબ છેલ્લા લાંબા સમયથી લાખાજીરાજ માર્કેટ ખાલી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જેના અંતે વેપારીઓ જુબેલી શાક માર્કેટમાં બેસવા માટે તૈયાર થયા હતા. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ બાંધકામ વિભાગ દ્વારા જુબેલી શાક માર્કેટ પણ ખાલી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે ત્યારે હવે લાખાજીરાજ શાકમાર્કેટના વેપારીઓ અને જુબેલી શાક માર્કેટના વેપારીઓ કયા વ્યાપાર કરશે તે સૌથી મોટો પ્રશ્ન સતાવી રહ્યો છે. ક્યાંક ને ક્યાંક જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે કે આ વિરોધાભાસી નિર્ણયના કારણે વેપારીઓએ હેરાન થવાનો વારો આવશે.

લાખાજીરાજ શાકમાર્કેટ અત્યંત જર્જરીત હાલતમાં જોખમી બની ગઈ છે ત્યારે મહાનગરપાલિકાની બાંધકામ શાખા એ પાંચ વર્ષ પહેલા આ માર્કેટને ત્વરિત ખાલી કરવા માટેનો આદેશ કર્યો હતો અને પરિણામ સ્વરૂપે આ બાબતે અનેક વિવાદો વકર્યા હતા.રાજકિય દબાણો અને વેપારીઓના વિરોધ તેમજ કાનુની વિવાદ બાદ આખરે વેપારીઓએ દિવાળી બાદ માર્કેટ ખાલી કરવાની તૈયારી બતાવી હતી.

દિવાળીના તહેવાર પુરા થયાને પંદર દિવસ જેવો સમય પસાર થઈ ગયા બાદ એસ્ટેટ શાખાએ ફરીથે તમામ વેપારીઓને તેઓને જ્યુબિલી શાક માર્કેટમાં ફાળવવામાં આવેલા થડા ખાતે સ્થળાંતર કરવા માટે જણાવી દીધું છે. જ્યુબેલી શાક માર્કેટને બીજી બાજું સેન્ટ્રલ ઝોનના બાંધકામ શાખાએ નવું 'ગતકડું' કાઢીને જ્યુબિલી શાક માર્કેટનું નવીનીકરણ કરવાનું હાવાનું જણાવીને જ્યુબિલી શાક માર્કેટ ખાલી કરાવવાનો આદેશ આપ્યો છે. બાંધકામ શાખાએ પોતાના જ હસ્તકની બે અલગ અલગ શાક માર્કેટ માટે અગાઉના આદેશનો અભ્યાસકર્યા વગર જ જ્યુબેલી શાકે કરાવવાનો આદેશ આપતાં હવે જ્યુબેલીઅને જેઓને જ્યુબિલી શાક માર્કેટમાં ઘડાની ફાળવણી કરવામાં આવી છે તેવા વેપારીઓનો સમાવેશ ક્યાં અને કેવી રીતે કરવો ? તેની તંત્રની મુંઝવણ વધી ગઈ છે !

નોંધનીય છે કે,જ્યુબિલી શાક માર્કેટના અલગ અલગ બે ભાગ ઉપરાંત નારિયળના ધંધાર્થીઓને પણ થડાની ફાળવણી કરવામાં આવી છે. આમાં ભાગ-૧ માં ૧૩૯ થડામાંથી ૧૦૨ મુળ માલિક પાસે અને ૩૭ મહાનગરપાલિકા હસ્તક છે.જ્યારે ભાગ-૨માં ૯૩ થડાં છે. તેમાંથી ૩૯ના મુળ માલિક છે અને ૫૪ સ્વદાનગરપાલિકા હસ્તક છે. જ્યારે ભાગ-૧માં બેના મુળ માલિક છે અને પાંચ થડા મહાનગરપાલિકા હસ્તક છે. જ્યારે ભાગ -૨માં ૧૩ થડામાંથી ૧૧ના મુળ માલિક છે અને બે મહાનગરપાલિકા હસ્તક છે. આવી જ રીતે નારિયેળના ૨૭ થડામાંથી ૯ના મુળ માલિક છે અને ૧૮ મહાનગરપાલિકા હસ્તક છે.

આજ પ્રકારે લાખાજીરાજ શાક માર્કેટના અંદરના ભાગમાં ૧૪૪ થડામાંથી ૪૯ મુળ માલિક છે અને ૯૫ મહાનગરપાલિકા હસ્તક છે. જ્યારે બન્ને શાક માર્કેટ માટે બાંધકામ શાખાએ શું આદેશ કર્યો?સેન્ટ્રલ ઝોન હસ્તકની બાંધકામ શાખાએ લાખાજીરાજ માર્કેટ અને જ્યુબેલી શાક માર્કેટ માટે અલગ અલગ વિરોધાભાસી પરિપત્ર જાહેર કર્યા છે. આમાં તા. ૯ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ લાખાજીરાજ માર્કેટની જર્જરિત હાલત માટે એવો લેખિત અભિપ્રાય અપાયો છે કે વોર્ડ નં.૭માં પરાબજારમાં લાખાજીરાજ શાક માર્કેટ ખુબજ જર્જરિત હોય અકસ્માત થવાની અને જાનમાલને નુકસાન થવાની સંભાવના હોય તાત્કાલિક ધોરણે શાક માર્કેટ ખાલી કરાવીને સીલ કરવી. પાંચ વર્ષથી માર્કેટ ખાલી કરાવવાની પ્રક્રિયા હવે અંતિમ તબક્કામાં પહોંચી છે. ત્યારે બાંધકામ શાખાએ તા. ૨૯-૧૦-૨૫ના રોજ વધુ એક પરિપત્ર જાહેર કરીને વોર્ડ નં.૩માં હયાત જયુબીલી શાક માર્કેટ ભાગ-૧-૨ અને નારિયેળ થડાનુ ડિમોલિશન કરીને ગ્રાઉન્ડ ફ્લોરમાં ૨૦ દુકાન, ૧૫૪ થડાં, ફર્સ્ટ ફ્લોરમાં ૨૧ દુકાનો અને ૧૬૨ થડાનો સમાવેશ થાય તે રીતે નવીનીકરણ કરવા ટેન્ડર પ્રસિદ્ધ થયા છે. આ કામે તમામ વહિવટી પ્રક્રિયા પુર્ણ થયા બાદ બાંધકામ ચાલું કરવામાં આવનાર હોય જ્યુબેલી શાક માર્કેટ ભાગ-૧-૨ અને નારિયેળ થડા ખાલી કરાવવા જરૂરી કાર્યવાહી કરવી.

બહારના ૩૮ થડામાંથી ૨૬ મુળ માલિક પાસે છે અને ૧૨ મહાનગરપાલિકાના કબજામાં છે. લાખાજીરાજ માર્કેટમાં ૨૨ વખારો આવેલી છે. આમાંથી ૨૬ મુળ માલિક પાસે છે અને ૧૨ મહાનગરપાલિકાના કબજામાં જ્યારે ૪ દુકાનો મુળ માલિક પાસે જ છે. મહાનગર પાલિકાની એસ્ટેટ શાખાએ લાખાજીરાજ માર્કેટ ખાલી કરવા થડા ધારકોને જ્યુબેલી શાક માર્કેટમાં થડાની ફાળવણી કરી દીધી છે. ત્યારે બાંધકામ શાખાએ જ્યુબિલી શાક માર્કેટ પણ નવીનીકરણના નામે ખાલી કરવા આદેશ કરતાં હવે આ બન્ને માર્કેટોના ૪૮૭ થડા ધારકોની આજીવિકા અને ધંધા રોજગાર ઉપર તલવાર લટકી રહી છે. એક તરફ લાખાજીરાજ માર્કેટ જર્જરિત અને જોખમી હોય ખાલી કરાવી સીલ મારવા અને જ્યુબેલી માર્કેટમાં જગ્યા ફાળવવા અને, બીજી બાજુ નવીનીકરણ માટે જ્યુબેલી માર્કેટનું ડિમોલીશન કરવા આદેશ કર્યા.

# રાંદરડા બ્યુટીફીકેશન ૯૦૦ વિસ્થાપિતોને નોટિસ

### GUDMની મંજૂરી મળ્યા બાદ સાગરનગરના ૪૦૦, જંગલેશ્વરના ૪૯૧,લલુડી વોંકળીના વિસ્થાપિતોને ૨૦૧૮-૧૯ના ડોક્યુમેન્ટ આપવા પડશે



રાજકોટ, તા. ૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધુમન પાર્ક આસપાસના વિસ્તારોનો વિકાસ કરી લાયન સફારી પાર્ક તેમજ રાંદરડાના બ્યુટીફીકેશન સહિત વિવિધ સુવિધા ઊભી કરવા સામે રાજ્યના GUDM વિભાગ (ગુજરાત અર્બન ડેવલમેન્ટ મિશન) દ્વારા અવારનવાર તળાવ આસપાસ કોંક્રિટ વર્ક સામે વાંધો ઊભો કરતાં કર્યા બાદ આખરે તળાવના બ્યુટિફિકેશ માટે મંજૂરી આપતાં મહાનગરપાલિકાએ મિશનની ગાઇડલાઇન મુજબ રાંદરડા બ્યુટિફિકેશનની ડિઝાઇનમાં જડમૂળથી ફેરફાર કરીને રૂ. ૧૬,૯૪,૫૦,૯૬૮ ઉપરાંતના ખર્ચનું ટેન્ડર બહાર પાડયું છે. સાથોસાથ તળાવના બ્યુટિફિકેશન માટે નડતરરૂપ સાગરનગર, જંગલેશ્વર સહિતના વિસ્તારમાં આવેલા ૯૦૦થી વધુ વિસ્થાપિતોને જગ્યા ખાલી કરવા આખરી નોટિસ પણ આપી દીધી છે.

અસરગ્રસ્તોને અન્યત્ર આવાસ ફાળવવા સરકારના નિયમાનુસાર જરૂરી ડોક્યુમેન્ટ્સ માંગવામાં આવ્યા હતા. આમાં સાગરનગરના ૬૦૦માંથી ૪૦૦ વિસ્થાપિતોએ જરૂરી આધાર પુરાવા અને ડોક્યુમેન્ટ આપી દેતાં તેઓને અલગ અલગ જગ્યાએ આવાસો ફાળવવામાં આવશે. બીજી તરફ જંગલેશ્વર વિસ્તારના ૪૯૧ વિસ્થાપિતોની કાયદેસરતા માટે અગાઉ ૨૦૧૦ના ડોક્યુમન્ટ્સ માંગવામાં આવ્યા હતા પણ, મોટાભાગના મિલકતધારકો પાસે ૨૦૧૦ના કોઈ ડોક્યુમેન્ટ્સ કે મકાનની કાયદેસરતા માટે જરૂરી કોઈ આધાર પુરાવા ન હોય તેઓને હવે ૨૦૧૮-૧૯ મુજબ ડોક્યુમેન્ટ્સ આપવા જણાવાયું છે.

મળતી વિગત મુજબ,લલુડી વોંકળીના ૬૭૦ વિસ્થાપિતોએ અગાઉ જ સોરઠિયાવાડી સ્થિત આવાસોમાં જવાની તૈયારી બતાવી હોય તેઓનો આ સ્થળે સમાવેશ કરવામાં આવશે. રાંદરડા લાલપરીના બ્યુટિફિકેશ માટે મહાનગરપાલિકાએ ડિઝાઈન તૈયાર કરીને રાજ્ય સરકારને મોકલ્યા બાદ રાજ્યના જળચર જીવ સૃષ્ટિને નુકસાન થવાની ભીતિ દર્શાવી સિમેન્ટ ક્રોંકિટ વર્ક કરવાની પરવાનગી આપી નહોતી અને નવી ડિઝાઈન બનાવવા કહ્યું હતું. મહાનગરપાલિકાએ ગુજરાત અર્બન ડેવલમેન્ટ મિશનને બીજીવાર નવી ડિઝાઈન બનાવીને આપી હતી તેમાં પણ કવેરી કાઢવામાં આવ્યા બાદ બે વર્ષ કરતાં પણ લાંબા સમયથી આ યોજના ઘોંચમાં પડી હતી. હવે આખરે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા રાંદરડા બ્યુટિફિકેશન યોજના માટે મંજૂરી આપી દીધી છે. મહાનગરપાલિકાએ ૧૬,૯૪,૫૦,૯૬૮ ઉપરાંતના ખર્ચનું ટેન્ડર પ્રસિધ્ધ કર્યું છે. સાથોસાથ આ યોજના ઝડપભેર આગળ વધારવા માટે બ્યુટિફિકેશ માટે નડતરરૂપ ૯૦૦થી વધુ મિલકત ધારકોને આખરી નોટિસ પણ આપી દીધી છે.

આ યોજના મુજબ તળાવોની રિવર ફ્રંટની ચેન ઊભી કરવામાં આવશે. આ ઉપરાંત પ્રધુમન પાર્ક અને લાયન સફારી પાર્કમાં ભવિષ્યમાં મુલાકાતીઓની સંખ્યા ઊતરોતર વધવાની જ છે. ત્યારે, તેઓની સુવિધા માટે બાગ બગીચા, ફૂડ કોર્ટ, બાલ ક્રીડાંગણ, સેલ્ફી પોઈન્ટ, બાંકડા તેમજ રંગબેરંગી લાઈટની સુવિધા ઊભી કરવાનું આયોજન છે, મહાનગરપાલિકાએ આ માટે કન્સલ્ટન્ટની નિમણુંક કરીને ડીપીઆર તૈયાર કરીને ટેન્ડર પણ બહાર પાડી દીધા છે.

# જીલ્લા ભાજપની સેન્સ પ્રક્રિયા પૂર્ણ

### નિરીક્ષક તરીકે દિનેશ પ્રજાપતિ અને રૂચિત ભટ્ટ દ્વારા વર્તમાન હોદ્દેદારો, પૂર્વ હોદ્દેદારો, ધારાસભ્યો અને અગ્રણી કાર્યકર્તાઓના મંતવ્યો જાણ્યા

રાજકોટ, તા. ૭

સમગ્ર ગુજરાતમાં હાલ સંગઠન નવ રચનાની કામગીરી શરૂ થઈ ચૂકી છે અને નિરીક્ષકો દ્વારા શહેર અને જિલ્લા ભાજપ માં સેન્સ પ્રક્રિયા લેવાનું શરૂ કર્યું છે અંતિમ રિપોર્ટ ખાલી પ્રદેશ કક્ષાએ મોકલી આપવામાં આવ્યો છે મળતી માહિતી મુજબ રાજકોટમાં શહેર અને જિલ્લામાં ખાસ એવું ખેંચતાણ છે એક તરફ શહેર ભાજપમાં આગેવાનો વચ્ચે જે પ્રશ્નો ઊભા થયા છે ના જે જૂથવાદની સમસ્યા છે તેને નકારી શકાય તેમ નથી તો બીજી તરફ જિલ્લા ભાજપમાં ઉમેદવારો નોંધાણે રાફડો પાર્ટીઓ હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે હવે પ્રદેશ કક્ષાએથી ક્યા પ્રકારે નિર્ણય લેવામાં આવે છે તે જોવાનું રહ્યું કારણ કે અત્યાર સુધી જે સ્થિતિનું નિર્માણ થયું છે તેને જોતા એ વાત તો સ્પષ્ટ છે કે રાજકોટ માટે નિર્ણય લેવો પ્રદેશ કક્ષાએ ખૂબ કઠિન પુરવાર થઈ શકે છે.



બીજી તરફ જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર અમુક આગેવાનોને વેતરવામાં પણ આવી શકે છે અને તેમનું કદ પણ ઘટી શકે છે તેવા પણ સમાચારો હાલ વહેતા થયા છે ત્યારે જિલ્લા ભાજપમાં જે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી તેમાં ટોચના ભાજપના આગેવાનો હાજર રહ્યા હતા અને ખાસ નિરીક્ષકો દ્વારા જિલ્લા ભાજપની કામગીરી અને સમગ્ર સ્થિતિનો તાગ મેળવ્યો હતો. જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયા દ્વારા જિલ્લા કક્ષાએ જે ભાજપની કહેવામાં આવતી કામગીરી કરી છે તેનાથી પક્ષને ઘણો ફાયદો મળ્યો છે ત્યારે યુવા બ્રિગેડને સ્થાન આપવામાં આવે તેવી અટકળો ચાલી રહી છે . ત્યારે પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સુ નિર્ણય લે છે અને દરેકને રાજી રાખી શકે છે કે કેમ તે સૌથી મહત્વનું પરિબળ સાબિત થશે કારણકે પ્રદેશ પ્રમુખ બન્યા બાદ આ પ્રથમ તેઓ નિર્ણય હશે કે જેઓએ લેવાનો છે જેથી આ અંગે પણ અનેકવિધ અટકળો ચાલી રહી છે.

રાજકોટ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના આગામી હોદ્દેદારો અને કારોબારી સભ્યોની પસંદગી માટેની સેન્સ પ્રક્રિયા આજે જિલ્લા ભાજપ ખાતે યોજાઈ હતી. પ્રદેશ ભાજપ દ્વારા નિયુક્ત કરવામાં આવેલા નિરીક્ષકોએ જિલ્લાના મુખ્ય અપેક્ષિતો અને અગ્રણી નેતાઓને સાંભળ્યા હતા. પ્રદેશ ભાજપના નિરીક્ષક તરીકે દિનેશ પ્રજાપતિ અને રૂચિત ભટ્ટની ટીમે આ સેન્સ પ્રક્રિયાનું સંચાલન કર્યું હતું. આ નિરીક્ષકોએ બંધ બારણે, એક પછી એક જિલ્લાના વર્તમાન હોદ્દેદારો, પૂર્વ હોદ્દેદારો, ધારાસભ્યો અને અગ્રણી કાર્યકર્તાઓના મંતવ્યો જાણ્યા હતા. નિરીક્ષકોએ મુખ્યત્વે નવા માળખામાં કોને સ્થાન આપવું જોઈએ અને સંગઠનની પ્રવૃત્તિઓ માટે સક્ષમ ઉમેદવારો કોણ છે તે અંગે ચર્ચા કરી હતી. સેન્સ પ્રક્રિયા દરમિયાન ધારાસભ્ય જયેશ રાદડિયા, ભાનુબેન બાબરીયા, મહેન્દ્ર પાડલીયા, દુલાબજી દેથરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણા બેન રંગાડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરિયા, પૂર્વ પ્રમુખ સહિતના આગેવાનો સેન્સ પ્રક્રિયા દરમિયાન હાજર રહ્યાં હતા.

# મનપાના ઓડિટ વિભાગ દ્વારા ૨૩ લાખના ઓવરબીલ પરત

### કોન્ટ્રાક્ટરોને સહેજ પણ ડર નથી : દર વખતે ઓવર બિલ્ડિંગના અનેક કિસ્સાઓ આવે છે સામે

રાજકોટ, તા. ૭

રાજકોટ મનપાનો એક પણ વિભાગ નામ લેવા જેવો જ નથી. એક મહિનો પણ ન થાય ત્યાં કંઈક ને કંઈક ઊભું થઈ જતું હોય છે. ત્યારે ફરી એક વખત ઓડિટ વિભાગના છબરડાઓ બહાર આવ્યા છે. મળતી માહિતી મુજબ કોન્ટ્રાક્ટરો દ્વારા અગાઉ પણ ઓવર બિલ મૂકયાનું બહાર આવ્યુ છે. હાલ છે માહિતી મળી રહી છે તે મુજબ મહાનગરપાલિકાના અલગ અલગ કોન્ટ્રાક્ટર દ્વારા જે બિલ મૂકવામાં આવ્યા છે તેમાં જીએસટી સહિત બિલ મંજૂરી માટે મૂકી દેવામાં આવ્યા હતા પરિણામ સ્વરૂપે ઓડિટ વિભાગ દ્વારા ૨૩ લાખના ઓવરબીલ નામંજૂર કરી સુધારા વધારા અર્થે પરત મોકલી આપવામાં આવ્યા છે. આ પ્રક્રિયા માત્ર આ વખતે જ નહીં વર્ષો વર્ષથી ચાલતી આવી છે પરંતુ આ વખતે કેમ ઓડિટ વિભાગે આ પ્રકારના પગલું લીધું તે અત્યંત જાણવા જેવી બાબત છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ ઘણા ખરા કોન્ટ્રાક્ટરો દ્વારા ઓડિટ વિભાગને ધ્યાને ન આવે તો પેનલ્ટીથી બચી જવાય તેવું વિચારી પેનલ્ટીની રકમ બાદ કર્યા વગરના બિલ ઓડિટમાં મૂકવામાં આવ્યા હતા પરંતુ આ વખતે ઓડિટ વિભાગ દ્વારા જાણે ગંભીરતાપૂર્વક બિલની ચકાસણી કરી હોય તેવું જાણવા મળ્યું અને ૨૩ લાખના બિલને પરત મોકલવામાં આવ્યા. મળતી માહિતી મુજબ વોટર વર્ક વિભાગ, બાંધકામ વિભાગ, સોલીડ વેસ્ટ વિભાગ, ચૂંટણી શાખા, હિસાબી વિભાગ, આરોગ્ય વિભાગ અને ગાર્ડન વિભાગ સહિતના વિભાગોમાં થયેલ કામગીરીના ૨૩.૦૬ લાખના બિલ ના મંજુર કરી સુધારા અર્થે મોકલવામાં આવ્યા છે.



ઓડિટ વિભાગમાંથી પ્રાપ્ત થયેલ વિગત મુજબ દર ત્રણ માસ દરમિયાન સત્તાધીશોને ઓડિટ રીપોર્ટ રજૂ કરવામાં આવતો હોય છે. જેમાં દર વખતે કોન્ટ્રાક્ટરો દ્વારા મોકવામાં આવેલા ઓવર બિલીંગની રકમ દર્શાવવામાં આવે છે. અને અનેક કોન્ટ્રાક્ટરોને પરત બિલ મોકવામાં આવી રહ્યા છે. છતાં આજે પણ નિયત કપાત કર્યા વગરના બિલ ઓડિટ વિભાગમાં મોકલી સમય બરબાદ કરવામાં આવી રહ્યો છે. ખરા અર્થમાં આ વધતા દુષણને ડામવા માટે યોગ્ય નિર્ણય લેવામાં આવે તે ખૂબ જરૂરી છે કારણ કે અત્યાર સુધી આ પ્રકારની ગેરરેતિઓ ખૂબ જ ચાલી છતાં પણ હજુ કોન્ટ્રાક્ટર આ પ્રકારના જ બિલ મૂકી રહ્યા છે જેનાથી ભીનું સંકેલાઈ જાય તેવો ઘાટ ગળી શકે.

અધિકારીઓને પણ ખબર હોય છે કે ઘણા ખરા કિસ્સાઓમાં ઓવરબીલ મૂકવામાં આવતા હોય છે તો તે કિસ્સાને સંપૂર્ણપણે નાબૂદ કેવી રીતે કરી શકાય તે બાબતની કોઈ સ્પષ્ટતા કે ચર્ચા કરવામાં આવતી નથી અને કોઈ નક્કર નિર્ણય આજ દિન સુધી આ બાબતે લેવામાં આવ્યો નથી. હવે જોવાનું એ રહ્યું કે શું નિર્ણય ઓડિટ વિભાગ દ્વારા લેવામાં આવે છે અને ભવિષ્યમાં આ પ્રકારની કોઈ સ્થિતિ ન ઉદ્ભવે તે માટેના કયા પ્રકારના પગલા લેવાય છે. જો આ દુષણને દામવામાં નહીં આવે તો હજુ પણ આગામી દિવસોમાં આ આંકડો વધી શકે છે ત્યારે મહાનગરપાલિકા દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવે તે જરૂરી છે.